કુદરત

કુદરત કુદરત

પાણી

જમીન

ઝાડપાન

વિષે

ઇનામનો રસાલો.

લખનાર--પાલનજી ખરશેદજી મીસ્ત્રી.

SIR J. J. Z. MADRESSA PRIZE ESSAY.

THE WATER, THE EARTH & THE TREES,

ACCORDING TO AVESTA

BY

PALONJEE CURSETJEE MISTRY,

A CERTIFICATED PASSED STUDENT OF THE MADRESSA, AUTHOR OF A SIMILAR ESSAY FOR A. D. 1892 ON "THE PRIESTS, THE WARRIARS, THE HUSBANDMEN, AND THE ARTISANS" (BEING THE FOUR CLASSES OF THE ANCIENT IRANIANS IN THE AVESTA PERIOD).

નામદાર સર જ. છ. ટ્રાન્સલેશન ફંડની મદદથી છપાયલો

ઈનામનો રસાલો

પાણી, જમીન અને ઝાડપાન

ની બાબતમાં જે ઇ૦ સ૦ ૧૮૯૩ના સાલ માટે નામદાર સર જ૦ જી૦ જ૦ મદ્રેસાના વિદ્યાર્થીઓ પાસથી માંગવામાં આવ્યો હતો.

લખનાર—**પાલનજી ખરશેદજી મીસ્ત્રી,**

તે ઉપલી મદ્રેસામાંથી પસાર થયાની સર્ટીફીકેટ ધરાવનાર વિદ્યાર્થી, તથા ઉપલી મદ્રેસાના ઇ૦ સ૦ ૧૮૯૨ ના સાલ માટેના "અથોરનાન, પેહેલવાન, ખેડુત અને કારીગર" ની બાબતના ઈનામના રસાલાનો કર્તા.

મુંબઈ મધે:—ફોર્ટ પ્રીંટીંગ પ્રેસમાં છપાયો છે.

ઇ૦ સ૦ ૧૮૯૬; યજદેજરદી ૧૨૬૫.

દીબાચો.

નામદાર સર જ. જી. જ. મદ્રેસાના વિદ્યાર્થીઓ પાસેથી દર સાલ ઈનામ માટેના જે રસાલાઓ લખી મંગાવવામાં આવે છે તેઓમાંનો ઈ. સ. ૧૮૯૩ ના સાલ માટેનો આ રસાલો "પાણી, જમીન અને ઝાડ પાન"ની બાબદનો હતો, જે ઈ. સ. ૧૮૯૨, ૧૮૯૩ અને ૧૮૯૪ એવા લાગટ ત્રણ વર્ષો સુધી મેં લખેલા ત્રણ રસાલાઓમાંનો બીજો હતો. મારો આગલો રસાલો "અવસ્તા જમાનામાં કદીમ ઈરાનીઓના ૪) વર્ગો, અથોરનાનો, પેહેલવાનો, ખેડુતો તથા કારીગરો"ના વિષયનો વર્ત્તમાન પત્રોને તેમજ બીજા ઘણાઓને પસંદ પડયો હતો તે જાણી આ રસાલો છપાવવાની મને ઉલટ થઈ છે અને એ પણ જો સારો દેખાવ દેશેતો મારો ત્રીજો રસાલો "અપ-વહિસ્ત યાને અર્દિબેહેસ્ત"ની બાબદનો પણ છપાવવાને મને ઉત્તેજન મળશે એવી આશા રાખું છું. આ છેલા બે રસાલાઓમાં બીજાઓએ પણ હરીફાઇ કરી હતી.

જેમ મારા આગલા રસાલામાં ૪) બાબદો સમાવવાની હતી, તેમ આ રસાલો ૩) બાબદોપર લખવાનો હતો. નામતો માત્ર "રસાલો" પણ રસાલાનું નામ તેના નાના કદનેજ શોભે, એટલે તેમાં ત્રણ અને ચાર બાબદો સમાવવી મુશકેલ થઈ પડી છે. માત્ર અવસ્તા તથા પેહેલવી લખાણોના ફકરાઓ તેઓના તરજુમાઓ સાથ ઉતારી લીધા હોય તો તેજ માત્ર આ ચોપાન્યાથી વધારે દલદાર ચોપાન્યાનું ભરતીઊં ભરવાને બસ છે. એટલામાટે એક અભ્યાસી તરીકેના મારા વિચારો જણાવવાની જગા કરવા ખાતર અસલ લખાણોનો માત્ર સાર જણાવી તેઓને લગતા ફકરાઓનાં અંકો મેં જગેજગ બતાવ્યા છે. વળી કેટલાક રસાલાઓની બાબદો નીતિના આચાર વિચારને લગતી તથા કેટલીક વર્ણન રૂપી હોય છે. "પાણી, જમીન, અને ઝાડપાન"ને લગતી બાબદો એ બન્ને આકારોમાં લઈ શકાય એવી છે, અને એ બન્નેમાંથી કોઇપણ એક રીતે લેતાં રસાલાને પુરતો ખોરાક મળી શકે. મેં એ બન્ને રૂપમાં લેવાનું પસંદ કીધું છે તથા નિબંધમાટે જે પ્રકારો જાલવવા જોઇએ તે મારી શક્તિ પ્રમાણે જાલવી તેને રચનાયુક્ત, વિદ્યાઅનુસારી, કુદરતી, નીતિમાન તથા ભુગોલ અને તવારીખને લગતી બાબદોથી ભરપુર કરવાને મેં ઘણીક

ચીજોપર થોડું થોડું કહ્યું છે તથા અવસ્તાના અભ્યાસીઓને લાયક ઘણા ખરાં દરેક પાને નોંધો આપવાને મેં બનતું કીધું છે, કે જે નોંધોએ મને ઘણો થકાવ્યો છે. મુખ્ય કરી અવસ્તામાં જણાવેલી જગાઓને હાલની કંઈ કંઇ જગા સાથ સરખાવવી તે કામે મને ઘણી મેહેનત આપી છે. તે બાબે મેં જે નોંધો આપી છે તે જોકે ઘણી ભરોસાદાર ન કહેવાય તોય તે દરેક વિદ્વાનના મતોનો સંગ્રહ કરી જેમ મને વધારે બંધબેસ્તી જણાઇ છે તેમ મેં લાગુ પાડી છે. હિંદુશાસ્ત્રને લગતું સેવટનું પ્રકરણ માત્ર મારી ખંત અને ઉલટનું પરીણામ છે. આ બાબદમાં તથા બીજી બાબદોમાં મતફેર ખાતર આ રસાલાની સેવટે મારા આગલા રસાલામાટે વર્ત્તમાન પત્રોએ આપેલા અભીપ્રાયો ટાંકી બતાવ્યા છે.

આ રસાલાના પરિક્ષકો મુંબઈની યુનિવરસિટીના બે ગ્રેજ્યુએટો હતા અને તેઓ ડૉકટર દાદાભાઇ નવરોજી સાહેર તથા મી૰ પેશતનજી સો૰ પાતક બી. એ. હતા. તેઓએ જે રીપોર્ટ લખી મોકલ્યો હતો તેમાનો મારા રસાલાને લગતી બાબદમાં અગત્યનો ભાગ નીચે પ્રમાણેનો હતો :—

"ઉપલા ઈનામના રસાલા લખનારે પોતાના રસાલાને ઇનસાફ આપવા ઘણી ખંત, મેહેનત અને સબુરી લીધેલી દીસે છે તેમજ આપણા અવસ્તા અને તેના ગુજરાતી તરજુમાં ઉપરાંત કેટલાક યુરોપીયન ગ્રંથકાર જેવા કે દારમસતેતે, વેસ્ટ વગેરેની મદદ લઇ એ રેસાલો લખવામાં સારી ચાલાકી બતાવેલી માલમ પડે છે. એ ઉપરાંત એ રેસાલો ઘણી સાદી એબારતમાં અને સાધારણ રીતે દરેક માણસને સેહેલથી કાંઇપણ ગુંચવણ વગર સમજ પડે તેવો છે."

આ રસાલામાટે ઉત્તેજન આપવા માટે હું પરિક્ષકોનો, મદ્રેસાના શિક્ષકોનો, નામદાર સર જ. જી. ટ્રાન્સલેશન ફંડના ટ્રસ્ટીઓ તથા સેક્રેટરીનો જરથોસ્તી છોકરીઓની નિશાળ મંડળી તથા સેક્રેટરીનો, મુલ્લાંફીરોજ મદ્રેસાના ટ્રસ્ટીઓ તથા સેક્રેટરીનો તથા મીત્રોનો ઉપકાર માનવાની અત્રે તક લઉછું.

મરીન લાઇન્સ,
ફેબ્રુઆરી ૧૮૯૬.

પાલનજી બ૰ મીસ્ત્રી.

શુદ્ધિપત્ર.

પાનું.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
૧૨	૨૬	[illegible] ૨ઓ[illegible]	[illegible] ૨ઓ[illegible]
૧૪	૪	ઉતારો	ઉત્તરો
૧૪	૨૪	વર્સાદ વરસવા દેવો	અથવા ભરતી આવવા દેવી
૧૫	૨૨	પચ્યું	પ)મું
૧૯	૨૫	પવન	વાએવદ યા જમ
૨૩	૯,૧૨	ભવત્	ભ્વત્
૨૩	૧૧	જર્યનામ્	જ્યનાંમ્
૨૫	૧૦	[illegible]	[illegible]
૨૫	૧૦	[illegible]	[illegible]
૩૮	૨૦	[illegible]	[illegible]
૪૮	૧૪,૧૫	તાપ્યેઈતિ	તાપયેઈતિ
૪૮	૧૬	હમઆરયેઇન્તિ	હામઆરયેઇન્તિ
૪૨	૧૭,૨૭	અર્દવિસૂર	અર્દ્વીસૂર
૫૦	૫	કરવાની	લાવવાની
૫૨	૧	એટલે	એટલો
૫૪	૨૨	[illegible]	[illegible]
૫૬	૮,૧૨	ભુતપરસ્તી	બુતપરસ્તી
૫૭	૧	ચોડું	થોડું
૫૭	૧૯	[illegible]	[illegible]
૬૧	૧,૩	ફ્રદદ્રશ-વીદદ્રશ	ફ્રદદ્ખ્શ-વીદદ્ખ્શ
૬૪	૧૪	જ્રેથો-અરેથો	જ્રેઘો-અરેઘો
૬૬	૪	લગતી ;	લગતી

[illegible]

યજદાનનાં નામથી.

[illegible]

અપસ્ચ જમસ્ચ ઉર્વરાઓસ્ચ

એટલે

પાણી, જમીન અને ઝાડપાનો.

(અવસ્તામાંથી તથા પેહેલવી કેતાબોમાંથી મળી આવતું ઉપલી બાબતોને લગતું બ્યાન તથા નેઓને લગતાં ફિલસુફી ભરેલાં જરથોસ્તી દીનનાં નિતી ભરેલાં લખાણોનો બીજી દીનોના લખાણો સાથનો મુકાબલો.)

સામાન્ય ટીકા.

પાણી, જમીન અને ઝાડપાનો બાબેનો આ નિબંધ સાધારણ નજરે જોતાં સાદા તેમજ લુખી બાબતોનો જણાય છે; પણ અવસ્તા તથા પેહેલવી લખાણો એઓ ઉપર સારૂં અજવાળું નાંખે છે તથા એઓને ઘણી અગત્યતા આપે છે. કુદરતની આ ત્રણે પૈદાયશો અવસ્તામાં ઠેકાણે ઠેકાણે આપણું ધ્યાન ખેંચે છે. અવસ્તામાં જ્યાં જ્યાંબી કુદરતના જાહેર નમુનાઓની વખાણો કરવામાં આવી છે, ત્યાં ત્યાં **પાણી, જમીન** અને **ઝાડપાનોને** વીસરવામાં આવ્યાં નથી. અવસ્તાના લખાણો * પરથી માલમ પડે છે કે આતશ, **પાણી, જમીન, ઝાડપાનો**, ધાતુઓ, ગાવગોસપંદા અને આદમીઓ, સર્વે તે પેદા કરનાર પાક દાદાર અહુરમજદની પૈદાયશો છે. આવી જાતના

* દાખલા તરીકે જુઓ [illegible] હા૦ ૧૯; વંદીદાદ ફરગ૦ ૯.

લખાણોને મળતું બયાન પેહેલવી કેતાબ દીનકર્દમાંથી પણ મળે છે, જેમાં જણાવે છે કે "જાણવું જે, જેમ આદમીનું બદન, ગદ્દ (મવાહી પદાર્થ), નસ, ધોરીનસ, હાડકાં, પેટ તથા બાલથી (બનેલું) છે, તેમ દુનિયાની કાયા, આતશ, **પાણી, જમીન,** ધાતુઓ, **ઝાડપાનો**, ગાવઓસપંદ તથા આદમીથી છે." *

કુદરતની બલિહારી તથા રચના.

અવસ્તા પ્રમાણે જોતાં માલમ પડે છે કે તે પેદા કરનારે આ જગત ઉપર આદમ જાત પેદા કીધી તેની અગાઉ તે સાહેબે **પાણી, જમીન**, અને **ઝાડપાનો** પેદા કીધાં હતા † કોઈ એકાંત જગાએ, જ્યાં ન માણસની વસ્તી હોય કે ન પશુ ઢોરોની, ન જાનવરોની કે ન પક્ષિઓની, અને ત્યાં એતેફાક આપણે જઈ લાગ્યા હોઇએ અને આપણે આસપાસ નજર ફેરવ્યે તો આ ત્રણ પેદાયશો સિવાય આપણને બીજું કંઈ દેખાશે નહીં. એકગમ નજર ફેરવશું તો **જમીન** યા જમીનનાં ભાગો, જેવાકે પાહાડો, ડુંગરો, ટેકરાઓ, કે લીલાં મેદાનો પોતાના પુર દમામમાં નજરે પડશે; બીજી ગમ નજર ફેરવશું તો જોઇશું કે વેહેતાં **પાણીઓ**, જેવા કે દરિઆવના, કે નદીનાળાંઓનાં, કે ચશ્માઓનાં, આફતાબ કે માહાતાબની રોશનીમાં આપણી આંખોને ઝમકાવે છે; આસપાસ નજર દોડાવશું તો ખુશનુમાં આંખોને ટાઢક આપનારા લીલા બદનનાં (પણ રંગબેરંગી ફુલોના શણગાર સાથનાં) **ઝાડપાનો** પોતાના પુર તોરમાં ટટાર ઊભેલાં દેખાશે. એ સિવાય બીજું કંઇ આપણને દેખાશે નહીં. કુદરતના આ શાંત દેખાવનો ચિતાર કવી સિવાય બીજો કોણ આપી શકે? અને અશો જરથોશ્ત સિવાય બીજો કયો કવિ ચઢીઆતો હોય? ખરેજ કુદરતનો આ રમણીય દેખાવ શું તવંગર કે ગરીબ, શું સુખી

---

* જુઓ દસ્તુર પેશોતન બેહ૦ સંજાણાનું પેહેલવી દીનકર્દનું પુસ્તક ૬ ઠું, સફે ૩૭૩, દીનકર્દનું નંબર ૨૬૩, ફકરો ૨.

† આ વિચાર બીજી દીન ધરાવનારાઓમાં પણ પ્રવેશ થયો છે.

કે દુઃખી, શું ધર્મી કે પાપી, સર્વેપર એક સરખી અજાયબ જેવી અસર કરશે; અને કુદરત શું છે, તથા તે કુદરતનો સાહેબ કોણ છે તે વિષેનો કંઇક ખ્યાલ આપશે. આવો દેખાવ કુદરતની ગેબી શક્તિ માટેની મોહોબત આદમીના મનની અંદર પેદા કરે છે; પેલી જેહાન માટેનો કંઇક ખ્યાલ આપે છે; ગમે એવા સખ્ત દિલના આદમીને તે કિરતારની જનાબમાં શિર ઝોકાવવાની લાલચમાં નાંખે છે.

આવી એકાંત જગાએ અહુરમજદની બંદગી કરવી લાયક છે, અને આવી જગાએ આદમીનું મન માત્ર તે સાહેબનીજ યાદમાં મશગુલ રેહેવાના સબબથી તે ઘણી અસરકારક થાય છે.

અશો જરથોસ્તનો પાણી, જમીન અને ઝાડપાનો પર ચાહ.

અશો જરથોશ્ત, જે કુદરતની આ પેદાયશોથી છક થઇ ગયો હતો, તેણે પોતાના પેદા કરનારને પોતાના ભલા મનની મદદથી પોતાની નજરમાં ધર્યો હતો તે આવી શાંત જગાએ ધર્યો હતો. તે કુદરતપર ગોયા મોહીત થઇ પડયો હતો એવું કહયે તો તે અજાયબ જેવું નથી. તે અશો નરે આ ત્રણે પેદાયશોને અવસ્તામાં જગાએ જગાએ યાદ કરેલી છે, વખાણી છે, તથા આરાધી છે. જેમ અશો જરથોશ્ત આ ત્રણે પેદાયશોથી ખુશી હતો તેમ પાણીઓ તથા ઝાડપાનો જરથોસ્તથી ખુશી હતાં. અષિશૂવંઘૂ યશતના ફકરા ૧૮માં તથા ફરવરદીન યશતના ફકરા ૯૩માં જણાવે છે કે "જયારે અશો જરથોશ્ત જન્મ્યો ત્યારે પાણીઓ તથા ઝાડપાનો ખુશી થયાં તથા વધ્યાં" **પાણી, જમીન** તથા **ઝાડપાનો**નો બનાવનાર અહુરમજદ પોતે છે એવું ઉશ્તવઇતી ગાથામાં અશો જરથોશ્ત પોતે દાદાર અહુરમજદને પુછેલા સવાલમાં જાહેર કરે છે, જેમાં તે વાજબી રીતે પુછે છે કે "હું તુંને જે પુછવા માંગું છું તે તું મને ખરેખરૂં કહે કે **જમીન** અને વાદળાંઓને કોણ ટેકવી રાખે છે તથા નારામાંથી બચાવે છે,

અને ઝાડપાન અને જાનીઓને કોણે બનાવ્યાં છે?"
(યજશને હા ૪૩ ફ૦ ૪).

આપણે તો શું પણ આપણી માફક બીજા એશ્યાટીક લોકો કાંઇક જમાનાથી માનતા આવ્યા છે કે કુલ્લે પેદાયશો ચાર મૂળતત્વો યાને અનાસરોની બનેલી છે, જેઓ પાણી, જમીન, હવા અને આતશ છે. દીનકર્દ જેવી પેહેલવી પુરાણી કેતાબમાંથી જ્યારે ઉપલા વિચારો મળી આવે છે ત્યારે આપણા ઉપર જણાવેલા વિચારો કેટલા જૂના હશે તેનો કંઇક ખ્યાલ આવે છે. દીનકર્દમાં જણાવે છે કે

પાણી, જમીન અને ઝાડપાનોનો આદમ જાતના ચાર મૂળ-તત્વો સાથ સંબંધ.

[illegible]

[illegible]

અર્થ.

"અવલ પેદાયશોનું ચાલુ થવાનું તથા હયાતીને કાએમ રાખનારું બુન ચાર મૂખ્ય મૂળતત્વોથી બનેલું છે જેઓ પવન, આતશ, પાણી અને મટી છે."*

હિંદુઓના શાસ્ત્ર પ્રમાણે માણસ જાત પાંચ મૂળતત્વોની બનેલી કહેવાય છે જે પાંચ "મહા ભૂતો" ના નામથી ઓળખવામાં આવે છે અને જે આસમાન, હવા, રોશની, પાણી અને જમીન છે. એમાં "આસમાન" માત્ર વધારે છે જ્યારે "રોશની" નો આપણા "આતશ" સાથ સંબંધ છે. આદમ જાત ચાર મૂળ તત્વોની બનેલી છે એવો વિચાર કેટલાકોને ભાવતો નથી. મૂળ તત્વોને લગતી ફિલસુફી સમજ્યા વગર તેઓ તે બાબત ઉલટી રીતે સમજે છે તથા ઉપર જણાવેલા વિચારને હસી કાઢે છે. તેઓ સમજતા નથી કે ઉપર જણાવેલા વિચારની કેહેવાની મતલબ

* જુઓ દસ્તુર પેશોતન બે૦ સંજાણાનું દીનકર્દનું પુસ્તક ૩ જુ. ન૦ ૧૨૩.

માંત્ર એટલીજ છે કે આપણા શરીરમાં માંસનો ભાગ છે તે "મટી;" લોહી જેવો પ્રવાહી ભાગ તે "પાણી," દમ તે "હવા" તથા જે ગરમીની રૂએ આપણે આપણો જાન ટકાવી રાખ્યે છિયે યાને જીવ્યે છિયે તે "આતશ" છે. મટીમાં પાણી નાંખી આતશપર ગરમ કરી ધમન ફુકીને ઢીંગલી બનાવવાની મતલબ નથી. તેમ જો મતલબ હતે તો હિંદુ શાસ્ત્ર "આસમાન" વચમાં શું કરવા લાવતે ? કારણ કે આપણા બદનમાં કંઇ "આસમાન" નથી.

જમીનને ખેડીયે, તેમાં પાણી સીચ્યે, તેમાંથી ઝાડો ઉગે, જેમાંથી ઉપજતા અનાજ તથા ફળફળાદી કે ભાજીપાલો આપણે ખાઇએ તો આપણાથી જીવાય. ખોરાક ખાઇએ તો તે પેદા કરનારની બંદગી તથા નેકીના કામો કરવાને શક્તિવાન થઇએ. અશો જરથોશ્તે તેટલા માટે વાજબી રીતે પોતાના દીનદારોને બોધ દીધો છે તથા ફર્માવ્યું છે કે જમવા બેસતી વેલા તે પાક પરવરદેગારની શુક્રગુજારી કર્યા પછી ખાનાપર હાથ નાંખવો. જે શુક્રગુજારીના કલામો પઢવાને માટે તે સાહેબે આપણને શિખવ્યા છે તે બંધબેસ્તા છે જે "બાજ જમવાની"ના નામથી જાહેર છે અને જે યજશનેના ૩૭માં હાનો ફકરો પેહેલો છે અને તે નીચે પ્રમાણે છે:—

પાણી, જમીન અને ઝાડપાનો ખોરાકનાં સાંધણો છે.

"ઇથા આત્ યજ્મઇદે અહુરેમ્ મજ્દામ્, યે ગામ્ચા અષેમ્ચા દાત્, અપસ્ચા દાત્ ઉરૂવરાઓસ્ચા વંઘુહીશ્, રઓચાઓસ્ચા દાત્, બૂમીમ્ચા વીસ્પાચા વોહૂ."

અર્થ.

"અત્રે એ પ્રમાણે અમો અહુરમજ્દને યાદ કર્યે છિયે, કે જેણે ગોસપંદ (યા તેને લગતો ખોરાક) તથા અન્ન આપ્યું, પાણી તથા સારાં ઝાડપાનો (યા તેને લગતો ખોરાક)

આપ્યાં, રોશનીઓ આપી, તથા **જમીન** તથા સઘલી ન્યામતો આપી" (એ સઘલું આપ્યું યા પેદા કીધું).

અશો જરથોસ્તની દુવા.

તે પેદા કરનાર સાહેબેં માણસોનાં નિવારણ માટે આ સર્વે ચીજો, તેમાં મુખ્ય કરી આપણી બાબતને લગતી ત્રણ પેદાયશો બનાવી તે સદા કાલ કાયમ રહે તથા હેરેમનથી તેઓને ઇજા ન પહોંચે એવી મતલબની એક દુવા અશો જરથોશ્તે પોતાના દીનદારોને શિખવી છે જે "વસસ્ચ તૂ અહુરમજ્દ"ની બંદગીને નામે ઓળખાય છે, તેમાં મુખ્ય કલામો આપણી બાબતને લગતા નીચે પ્રમાણે છે:–

"વસસ્ચ તૂ અહુરમજ્દ ઉશતાચ ખ્શએશ હ્વનાંમ્ દામનાંમ્. વસો આપો, વસો ઉર્‌વરાઓ, વસો વીસ્પ વોહૂ અષ-ચિથ્ર." (યજશને હા૦ ૮, ક૦ ૫).

અર્થ

"ઓ અહુરમજ્દ! તું તારી પોતાની પેદાયશો ઉપર તારી મરજી પ્રમાણે તથા સુખથી હકુમત કરજે (તેમાં) (તારી) મરજી પ્રમાણે **પાણી** ઉપર, (તથા તારી) મરજી પ્રમાણે **ઝાડપાનો** ઉપર, મરજી પ્રમાણે અશોઇના તોખમની તમામ ભલાઇઓ ઉપર" (એટલે જે મારી દુવા એવી છે કે જેમ તું ચાહે તેમ થજો!)

પાણી, જમીન, અને, ઝાડપાનોને લગતા ફિરસ્તાઓ.

પાણી, **જમીન** અને **ઝાડપાન** એ દરેકપર મવકળ એકેકો જવાબદાર અમશાસપંદ છે તથા બીજા ફિરેશતાઓ તેઓને વધ્તા યા ઓછા મદદ કરનારા છે. તેમાં પાણીપર મવકળ અમશાસપંદ ખોર્દાદ, તથા બીજા યજદો આંવાં, તીર, અશિ, ગોઆદ, દીન, વગેરે છે. જમીનપર મવકળ અમશાસપંદ સ્પેન્દારમદ તથા બીજા યજદો જમીઆદ, મેહેર, તથા રામ વગેરે છે. ઝાડપાનોપર મવકળ અમશાસપંદ અમર્દાદ તથા યજદ

અવિ વગેરે છે. જે સાત હમકારાઓ*નાં નામો આપણે પઢિયે છિયે તે નીચે પ્રમાણે છેઃ—

> ખોર્દાદ સાથ તીર્, ફરવરદીન્, અને ગોઆદ્.
> સ્પેન્દારમદ્ સાથ આંવાં, દીન્, અષિશ્વંઘ્ તથા મારેસ્પંદ્.
> અમર્દાદ્ સાથ રશ્ને, આશ્તાદ્, તથા જમીઆદ્.

તમામ તેત્રીસ ફિરેશ્તાઓમાં સાત અમશાસપંદો મુખ્ય છે તેમાં દાદાર અહુરમજદને બાદ કરતાં છ અમશાસપંદોમાંના અરધોઅરધ યા ત્રણ અમશાસપંદો તો જે વિષય આપણે હાથ ધર્યો છે તેના યા **પાણી, જમીન** અને **ઝાડપાન**ના સરદારો છે. ખોર્દાદ અને અમર્દાદ બન્ને જોડીઆ કહેવાય છે યા એ બન્નેને એકમેક સાથ ઘણો અતલગનો સંબંધ છે. એ બન્ને અમશાસપંદો કેવો અગત્યનો ભાગ બજાવે છે તે "અહુરમજદ યશ્ત"માં આવેલા "નિપાયોઇશ્ મષીમ્"ના કર્દામાં અહુરમજદનાં કહેલા કલામો પરથી માલમ પડે છે જેમાં તે કિરતાર કહે છે કે

"ઇધ હઉર્વત અમેરેતાત, યોઈસ્તો મિજદેમ્ અષાઉનામ્ પરો—અસ્તિ જસેન્તાંમ્ મન દામ જરથુશ્ત્ર."

અર્થ.

"અહિયાં ખોર્દાદ તથા અમર્દાદ (અમશાસપંદો), કે જેઓ બીજી હયાતીમાં જનારા અશો લોકનો બદલો છે, તેઓ(બી) ઓ જરથોશ્ત ! મારી પેદાયશ છે." (એટલે જે નેકીનો બદલો બેહેશ્તમાં મેળવવાનાં સાધનો જેવા છે.)

જમીઆદ યશ્તના ૯૬ માં ફકરામાં જણાવે છે કે "ખોર્દાદ તથા અમર્દાદ બન્ને ભુખ તથા તરસને મારે છે."

---

* Lit "સાથે કામ કરનારાઓ."

અવસ્તામાં કેટલીક ચીજો નરજાતિ (પુલિંગ)ની, કેટલીક નારીજાતિ (સ્ત્રીલિંગ)ની અને કેટલીક નાન્યતરજાતિ (નપુંસકલિંગ)ની આવે છે. તેજ પ્રમાણે આપણા ફિરેશ્ટાઓમાં કેટલાક નરજાતિના અને કેટલાક નારીજાતિના જણાવ્યા છે.

પાણી, જમીન અને ઝાડપાનો અને નારી જાતિના ફિરેશ્તાઓ.

-ઓ-ઓ-૬૬૬-૭-૭

અપ્—જૅમ્—ઉર્વરા યાને **પાણી, જમીન, ઝાડપાન** માટેના અવસ્તાના શબ્દો નારીજાતિના છે; તેમજ તેઓને લગતા ઘણાખરા ફિરશ્તાઓ પણ નારીજાતિના છે, જેવાકે આવાં, અષિ, દીન, સ્પેન્દારૂમત્, જમીઆદ, આશતાદ વગેરે.

પાણી, જમીન, અને **ઝાડપાનો** ખુદ તેઓની ખાલેસ હાલતમાં પવિત્ર છે. પાદીઆવ કુસ્તિ કરતી વેલા પાણીથી, મટીથી તથા ઝાડપાનના રસથી તન પવિત્ર થઈ શકે છે. વેહેતું પાણી જો નસો કે નજીસાત વગેરેથી આલુદે ન થયું હોય તો તે પવિત્ર છે. એવા પાણીથી બદન કે કોઈ ચીજ ધોાઈ હોય તો તે પાક થાય છે. જમીનમાંથી નિકળતી ધાતુઓ, સાધારણ તેમજ કિંમતી પથરો, પાક છે. ઝાડપાનની મારફતે ઉતપંન્ન થતો અનાજ, મેવો, વનસ્પતિ, લાકડું વગેરે, જો નજીસાતથી ખરાબ ન થયાં હોય તો તે પવિત્ર છે. ટુંકમાં કહયે તો કુદરતની આ ત્રણે પેદાયશોમાંથી ઉત્પન્ન થતી ચીજ પવિત્ર ગણાય છે. દાખલા તરીકે પેહેલવી કેતાબ દીના-ઇ-મઈનૂ-ઈ-ખ્રત (મીનોખેરદ)માં એક સવાલ પુછવામાં આવ્યો છે કે રેશમી તથા સુતરાઉ કાપડોમાં કયું કપડું પેહેરવાસ માટે વધારે સ્વચ્છ તથા ફાયદાકારક છે તેના જવાબમાં જણાવે છે કે "રેશમી કાપડ માત્ર દેખાવ માટે સુંદર છે પણ સુતરાઉ રવાનને માટે સારૂં છે, કારણ કે રેશમ કીડાઓમાંથી નિકળે

પાણી, જમીન, અને ઝાડપાનો પવિત્ર છે.

છે, જયારે રૂનું પોષણ પાણીથી તથા વધવું જમીનમાંથી થાય છે; જે સબબને લીધે રૂનું કપડું રવાનને માટે સરસ તેમજ ઉપયોગી અને કિંમતી છે." (જુઓ મેક્ષમુલરનું વોલ્યુમ ૨૪, પ્રકરણ ૧૬ મું, સફા ૪૯).

આ ત્રણે બાબતો **પાણી, જમીન** તથા **ઝાડપાનો**માંની દરેક બાબત હાલની વિદ્યાઓ તથા શાસ્ત્રોના પુખ્ત બળે એક એક મોટું પુસ્તક રજુ કરી શકે જેમાં પાણીને લગતી વિદ્યા, કુદરતને લગતી વિદ્યા, રસાયણ શાસ્ત્ર, ભૂસ્તર શાસ્ત્ર, ભૂગોળ વિદ્યા, ખગોળ વિદ્યા, ઝાડપાનોને લગતી વિદ્યા વગેરેને લગતી બાબતો સમાઈ શકે. અશો જરથોસ્તના ૨૧ નુસ્કોમાં ઉપર જણાવેલી સઘલી વિદ્યાઓ હતી, પણ હાલમાં તેઓની ગેરહાજરી હોવાને લીધે જે હકીકતો મોજુદ અવસ્તા તથા પેહલવી કેતાબોમાંથી મળી શકે છે તેપર સંતોષ રાખી આપણી ત્રણે બાબતોની જૂદી જૂદી તપાસ લઈએ.

બાબત પેહેલી.

પાણી.

[illegible]

[illegible]

[illegible]

યજશ્ને હા૦ ૩૮) ફકરો ૩).

અર્થ.

“ઓ અહુરમજદનાં તથા અહુરમજદને લગતાં (પાણીઓ)! તમુંને ખુબીવાલાં, ઓહોળાં, સારી રીતે વેહેતાં, (અને) બન્ને દુનિયાને માટે પાક કરનારાં તરીકે ગણીયે છિયે.”

પાણીથી તન અને મનની પવિત્રાઈ છે.

તન અને મન એ બન્નેની પવિત્રાઈ માટે પાણીની ઘણી જરૂર છે. મન પવિત્ર રાખવું હોય તો તન પણ પવિત્ર રાખવું. નાહીધોઇ બદનને સારૂં રાખવાથી અનેક પ્રકારના દરદોનો અટકાવ થાય છે, નજીસાત દુર થાય છે તથા બદન હલકું થાય છે, કુદરતી રીતે આપણા મનને ખુશી ઉપજે છે, તથા તે પેદા કરનારની બંદગીમાં મશગુલ રાખવાને ઘણી હદ સુધી દીલ લાગે છે. નાહવું, સાધારણ તેમજ ક્રિયા કામની મારફતે નહાંન નાહવાથી થાય છે. નહાંન આપણા મનપર કંઈક ચમત્કારીક અસર કરે છે.

પાણી ખોરાક તરીકે.

ખોરાકની બાબતમાં એટલું તો સર્વેને રોશન છે કે પાણીની બરોબરીનો ખોરાક તાજગી માટે બીજો કોઇ નથી. પાણી પીવાથી તનને તેમજ મનને તાજગી મળે છે. પાણીની તલબ સર્વે તલબોમાં નહીં ખમીશકાય એવી છે. પાણી વગર જીવ ફરે છે,

જાન તરફડે છે અને અતી ઘણી પ્યાસની વખતે જીભ તથા આંખના ડોળા ખેંચાઈ આવે છે. કોઇ પણ પ્રાણી માત્ર કલાકોના કલાકો સુધી, કે દીવસોના દીવસો સુધી ખાવાના ખોરાક વગર ટકી રહેલા એવા દાખલાઓ આપણે જાણ્યા હશે પણ પાણીની તલબ થઇ કે કોઈ પણ પ્રાણી તેનો સોસ ખમી શકતું નથી. શરીરની રાહત તથા મનની આશાએશ માટે લોકો તરેહવાર જાતના પીના પીયે છે, પણ અનુભવ આપણને શિખવે છે કે ફકત પાણી આગલ એ સર્વે પીનાં* રદ છે. એવું સમજવામાં આવે છે કે જ્યારે દુનિયાની શરૂઆત થઈ ત્યારે પેહેલો ખોરાક માત્ર પાણી હતું અને સેવટે જ્યારે દુનિયાનો અંત આવશે ત્યારે પણ તેમજ થશે. બચ્ચું જન્મ્યું કે પેહેલો ખોરાક પ્રવાહી રૂપમાં લે છે, તેમજ માણસ મરણને કાંઠે પહોંચે છે કે માત્ર પાણીપર પોતાની છેલી ઘડીઓ કાઢે છે. બૂનદેહેશ નામની પેહેલવી કેતાબનાં ૩૦ માં પ્રકરણની શરૂઆતમાં વિવેચન કરવામાં આવ્યું છે કે,

"રેસ્તા ખેજ અને ભવિષ્યની હૈયાતી બાબે દીનમાં એવું જણાવવામાં આવ્યું છે કે જ્યારે મશ્યǂ અને મશ્યાનીનું પેહેલું જોડું પેદા થયું ત્યારે શરૂઆતમાં તેઓએ પાણીપર સંતોષ

---

* શરાબને ધિક્કારનાર અંગ્રેજી પાર્લામેન્ટનો જાણીતો સભાસદ મી૦ કેન પોતાને ત્યાં નોતરેલાં પહરોણાઓને વારે ઘડીયે રમુજમાં કહે છે કે "પાણી સરસમાં સરસ પીનું છે. દલગીર છું કે એનાં કરતાં વધારે સરસ શરાબ હું રજુ કરી શકતો નથી."

ǂ ગયોમર્દનાં બુનથી નિકળેલું પેહેલું માણસજાતનું જોડું દુનિયાની શરૂઆતમાં આદમ જાતનું જે પેહેલું જોડું ખોદાતાલાએ પેદા કીધું હતું જેને બીજી દીનવાલાઓ "આદમ અને ઇવ"નાં નામથી ઓળખે છે તેને આપણે "મશ્ય તથા મશ્યાની"નાં નામથી ઓળખ્યે. છિયે. અવેસ્તામાં "મશ્ય" સં૦ મૃત્યનો અર્થ "માણસ" થાય છે અને "મશ્યાની" તેની નારી જાતીનો આકાર છે.

પકડયો હતો. પાછલથી ભાજીપાલાનો ખોરાક લેવામાં આવ્યો, પછી દુધ અને પછી માંસનો. તેજ પ્રમાણે જ્યારે માણસ મરણ કાંઠે આવે છે ત્યારે તે રફતે રફતે ખોરાક તજતું જાય છે; પેહેલાં માંસનો, પછી દુધનો, પછી રોટીનો અને સેવટે જ્યારે આંકો આવી રહે છે ત્યારે માત્ર પાણીપર પોતાની છેલી ઘડીઓ કાઢે છે. તેજ પ્રમાણે જ્યારે હોશેદરમહા*નો અમલ આવશે ત્યારે આદમ જાત ખોરાક કમતી કરતું જશે કે જે વખતે (લોકો એટલાં તો પવિત્ર તથા સંતોષી રહેશે કે) કે ઇંજેલા (તથા બાજ સાથના) માત્ર એકજ વખતના જમનપર ત્રણ દહાડા તથા ત્રણ રાત સુધી ધરાયલા રહેશે†. પછી તેઓ ખોરાક તજતા જશે, પેહેલાં માંસનો, પછી દુધનો, પછી વનસ્પતિનો અને સેવટે તેઓ પાણીપર જીવશે અને જ્યારે સોસીઓશના આવવાનો વખત થશે ત્યારે દશ વરસ અગાઉથી તેઓ મુદલ ખોરાક લેશે નહીં, અને તે છતાં તેઓ મરણ પામશે નહીં."

પાણી અને નસો.

પાક દાદાર અહુરમજ્દે ફરમાવ્યું છે કે જેમ બને તેમ પાણીને સાફ રાખવું યાને નજીસાત કે અપવિત્રાઈથી દૂર રાખવું. પાણીમાં નસો પડયો હોય તો તે તાબડતોબ કહાઢી નાંખવો,

---

* હોશેદર—હોશેદર મહા—તથા સોસીઓશ એ ત્રણ પેગમબરો રેસ્તાખેજ યાને દુનિયાના છેડાની વખતે અહુરમજ્દની દીન જગાડશે અને અહુરમજ્દની હેરેમન ઉપરની સેત્રટની ફતેહ થશે.

† ખ્રિસ્તીઓની "ઓલીવ ઓઇલ"ને લગતી બીનાં કંઇક આ બીનાને મળતી આવે છે કે જેમાં જણાવે છે કે સાલેડ તેલના જેવું આ તેલ પીધાપર લોકો સંતોષ પકડશે. આપણી દીનના વીચાર પ્રમાણે બેહેસ્તી સ્વાનને બહમન અમશાસપંદ માત્ર એકજ વખત જે જરેમ્યરઓઘ્ન [illegible] [illegible] (ચિકાસવાલો પદાર્થ) પામે છે તેમાં તેઓ હંમેશાગીની હયાતી પામે છે.

સબબ જે નસો નજીસમાં નજીસ જેહેરી પદાર્થ હોવાને લીધે તે ઘણોજ નુકસાનકારક તથા ઘણોજ અપવિત્ર છે. જે પાણીમાં નસો પડયો હોય તે પાણી જો માણસ કે પશુ-ઢોરોના પીવામાં આવે તો તેઓને ઘણી ઈજા કરે છે, તેથી તન દરદી થાય છે, વગેરે.

વંદીદાદની છઠી પરગરદના ફકરા ૨૬ થી ૨૯ મા ફકરા.

પાણીમાં પડેલા નસા બાબે તવંગર કે ગરીબની ફરજ.

એ ઉપરથી માલમ પડે છે કે અશો જરથોશ્તે દાદર અહુરમજદને નસાને લગતી અપવિત્રાઇની બાબતમાં કેટલાક સવાલો પુછયા; તેનાં જે જવાબો મલ્યા તે મુખ્તેસરમાં હું નીચે પ્રમાણે આપું છું:- "જો કોઇ મજદયસ્ની દીનનો પાલનાર પગ રસ્તે ચાલતો જતો કે દોડતો, ઘોડેસ્વાર કે ગાડીમાં બેસીને જતો, કોઇ વેહેતાં પાણી આગલ આવી પોહોંચે કે જેમાં નસો પડેલો જોય તો તે તુરત થોભે, પોશાક ઉતારે, જ્યાં સુધી તેનાથી જવાય ત્યાં સુધી તે પાણીમાં જાય અને તે નસાને બહાર કાઢે. કદી જો તે નસો લાંબો વખત પડી રહ્યાના સબબથી એટલો કોહી ગયો હોય કે ફીણુ ફીણુ થઇ ગયો હોય તો બેહુ હાથોથી જેટલો પકડાય એટલો પકડીને બહાર કાઢતો જાય તથા જમીનપર બાજુએ મુંકતો જાય કે ખોરશેદની રોશની તેપર પ્રકાશવાથી તે સુકતો જાય; પણ ચોકસાઇ રાખે કે તે નસાને લગતો કોઇ પણ ભાગ પાણીમાં પાછો પડે નહીં અને પાણીને પાછું આલુદ કરે નહીં." ઉપલાંનો સાર એવો ઉઠે છે કે કોઈ પણ જરથોશ્તી, ગમે એવો તવંગર હોય કે ગરીબ, કોઇ વેહેતાં પાણીમાં નસાને કે મુડદાંને પડેલું જોય કે તુરત તેને બહાર કાઢે કે જેથી તેને સવાબ લાગે. આટલા માટે પાણીમાં નસો કે કંઇબી નજીસ ચીજ પડી હોય તે કાઢી નાંખવી એ જરથોશ્તી દીનનાં ફરમાન મુજબ સવાબનું કામ છે.

જેવી પ્રકારના પાણીમાં નસો પડયો હોય તેટલા પ્રમાણમાં પાણી અપવિત્ર તથા રદ થાય છે. એને લગતા અશો જરથોશ્તથી પુછાયલા સવાલોના જવાબમાં અહુરમજ્દે જે ઉતારો આપ્યા (જુઓ વંદીવાદ પરગરદ ૬ ઠી ફકરા ૩૦ થી ૪૧) તેની મોખ્તેસરમાં મતલબ એ ઉઠે છે કે "જો સ્થીર કે થંબ પાણીમાં નસો પડયો હોય તો જે બાજુ નસો પડયો હોય તેની આજુબાજુથી તે પાણી ૭ ૭ કદમ જેટલું અપવિત્ર થાય છે, જેથી જો બની શકે તો અરધુંઅરધ પાણી કાઢી નાંખવું, ન બને તો ત્રીજા ભાગ જેટલું કે ચોથા ભાગ જેટલું, નહીં તો નાચારીએ પાંચમા ભાગ જેટલું પણ કાઢી નાંખવું; જેમ કીધા પછી તે પાણી માણસ તથા પશુ—ઢોરો માટે પીવા લાયક થઇ શકે છે. *

જે પાણીમાં નસો પડયો હોય તેની વધતી ઓછી અપવિત્રતાઇ.

"જો કુવાના પાણીમાં નસો પડયો હોય તો ઉપર જણાવ્યા પ્રમાણેજ કરવું.

"જો પીગલતા બરફના કે કરાંના પાણીમાં નસો પડયો હોય તો નસાવાલી જગાથી આજુબાજુ ૩) કદમ જેટલું પાણી અપવિત્ર થાય છે, જેથી જ્યાં સુધી તે પાણી પીગલી રહે નહીં ત્યાં સુધી તે પાણી વપરાશમાં લેવું નહીં.

"જો નદીના કે વેહેતાં કે દોડતાં પાણીમાં નસો પડયો હોય તો જે બાજુ તરફ તે પાણી દોડતું હોય તેની આંગલી ગમથી ૩ કદમ જેટલું, સાંમેથી ૯ કદમ જેટલું, તથા બીજી બાજુએથી ૬) કદમ જેટલું પાણી અપવિત્ર થાય છે; જેથી તેના પર ત્રણ વખત વર્સાદ વરસવા દેવો પછી તે પાણી પાક થઇ શકે છે."

* વંદીદાદની પેહેલવી સરેહમાં વધુ એ જણાવે છે કે એ કામ તેજ ગેહેમાં થવું જોઇએ, નહીં તો ૧૩ મહીના સુધી તે પાણી વપરાશમાં લેવાય નહીં.

ઉપર જણાવેલી વિગતોપરથી ત્યારે જણાય છે કે પાણીમાં નસો પડયાથી તે પાણી ખરેખર પીવા માટે નુકસાનકારક છે. હાલમાં આપણે ત્યારે ઉપર જણાવ્યા પ્રમાણે પાણી રદ કરી શકશું કે તથા એટલો વખત થોબશું કે? જરથોસ્તી દીન કેટલી હદ સુધી પવિત્રાઈના બાબમાં ચોકસ છે તેનો એક ચીતાર ઉપર જણાવેલી વિગતો રજુ કરે છે.

નસો જોયા છતાં અખાડા કરવા નહીં.

અવસ્તા ઉપરાંત પેહેલવી કેતાબ "શાએસ્ત્ લા શાએસ્ત્"ના બીજા પ્રકરણના ૭૬ થી ૯૪ સુધીના ફકરાઓમાં* ઉપલી વિગતોનું લગભગ એકસરખું વર્ણન મલે છે; પણ જાણવાજોગ વધુ એટલું છે કે "જો કોઈ શખ્સ જાણી જોઈને પાણીમાં નસો નાંખે તો તેને મરગરજાંન ગુનાહ લાગે. જો પાણીમાં પડેલો નસો કોઈના જોવામાં આવે છતાં તે નસાને બહાર કાઢે નહીં, તો તેને તનાંફુર ગોનાહ લાગે. † જે શખ્સ નસો બહાર કાઢવા જાએ તો તેણે તે નસો બહાર કાઢવાના પ્રકમ ઠરાવથીજ જવું નહીં તો ઘણો ગોનાહ લાગે છે." ‡

અલબતાં કોઇ ઉંડા પાણીમાં નસો પડયો હોય અને કોઇને તરતાં આવડતું ન હોય તે જીવ જોખમમાં નાખી તેવા પાણીમાં જશે નહીં એવી આશા રખાય, પણ ઉપલાની મતલબ એમ છે કે જેટલું બની શકતું હોય તેટલું જરૂર કરવું, જેમકે છાલકાં પાણી હોય છતાં બેપરવાઇ કરવી નહીં.

---

* જુઓ મેક્ષમુલરનું પુસ્તક ૫ચું, સફા ૨૬૫થી ૨૬૯.

† પાણીમાંના નસાને લગતી અપવિત્રાઇ બાબે જુઓ
વંદીદાદ પરગરદ ૬ થી ફકરા ૨૬ થી ૪૧;

‡ આ બાબે વધુ હકીકત માટે જુઓ
પેહેલવી વંદીદાદ પરગરદ ૬ થી ફ૦ ૬૪ તથા ૬૦
પેહેલવી વંદીદાદ પરગરદ ૭ નો ફ૦ ૬૬

જે શખ્સ કે નસાને અડકેલો હોય યાને રીમન થયો હોય તેને બીજા સાફ પાણીને અડકવાથી પહરેજ રહેવું જોઇએ, સબબ કે તે રીમન હોવાને લીધે તેને જે અપવિત્રાઈ લાગુ પડી હોય તે સાફ પાણી સાથે ભેલાય તો તે પાણી માણસ તથા પશુ-ઢોરોના વપરાસમાં આવી શકે નહીં. નસો પડવાથી જેમ પાણી અપવિત્ર થાય છે તેમજ રીમન શખ્સના અડકવાથી પણ થાય છે. તે શખ્સે પેહેલું કામ એ કરવું જોઇએ કે ક્રિયા કાનુનો પ્રમાણે કોઇ યોજદાથ્રેગર મુબેદ પાસથી નહાંન નાહવું, પછી પાણીને અડકવું.

રીમન થયલા શખ્સે પાક પાણીને અડકવું નહીં.

પાણીની ખુબીઓ તથા વખાણો.

પાણીની ખુબી ગાનારા તથા તેના ગુણોની વખાણ કરનારા અવસ્તામાંથી ઘણા ફકરાઓ મલે છે જેમાના નીચે જણાવેલા જાણવા જોગ છે:—

હફતંગ યશ્તના ૪ થા કરદામાં (યજશ્નેના ૩૮મા હાના ફકરા ૩, ૪, અને ૫, મામાં) કહે છે કે,

"ઓ અહુરમજદના તથા અહુરમજદને લગતાં (પાણીઓ)! તમુંને ખુબીવાલાં, ઓહોળાં, સારી રીતે વેહેતાં, (અને) બન્ને દુનિયાને માટે પાક કરનારાં તરીકે ગણીયે છિયે.

"એ રીતે જે સારા નામો અહુરમજદે તમુને આપ્યાં, તથા તે નેઆમતના બક્ષનારે તમારે માટે મુકરર કીધાં, તે (નામો)ની મારફતે તમુને અમો યાદ કર્યે છિયે, એઓથી વખાણ્યે છિયે, નમિયે છિયે, તથા એ (નામો)થી તમારો ઉપકાર માન્યે છિયે.

"ઓ તમે માણુસનાં તનમાંનાં * પાણીઓ ! માતપણાને

* આ ઠેકાણે પાણીઓને પ્રવાહી પદાર્થોની મતલબમાં સમજવું વધારે અનુકુળ થઈ પડશે.

લગતાં તથા ઓરતપણાને લગતાં (યા બચ્ચાંઓના પોષણને માટે માવતરના કુદરતી) પાણીઓ! દુર્બળને પોષણ આપનારાં પાણીઓ! તમુંને અમો યાદ કર્યે છિયે.

"તમો સર્વેથી ભલાં અને ઉત્તમ પાણીઓ! તમે સઘલી ચીજોમાં દાખલ થાઓ! ઓ પવિત્ર પાણીઓ! તમારી તરફ બેટો માટે અમો પોંહોંચ્યે છિયે. ઓ ઓહોલાં પાણીઓ! તમે માણસનાં તનમાં ફેલાવો તથા વેહેવો, ઓ માવતરપણાને લગતાં પાણીઓ! તમે જીંદગી બક્ષો." *

ઉપર જણાવેલા ઉંડી મતલબના ફકરાઓથી વધારે સરસ અવસ્તાનું લખાણ શું જોઇયે? દરેક ફકરો તેની બારીક તપાસ લેવાને તથા નુકતેચીની કરવાને પુરતો ખોરાક આપી શકશે એટલુંજ નહીં પણ ઉપલા ફકરાઓમાં પાણીને લાગુ પાડેલાં કેટલાક વિશેષણો ઉંડી મતલબમાં પાણીની અગત્યતા સાબેત કરી શકશે; જેમકે તેઓને બન્ને દુનિયા માટેના પાક કરનારાં જણાવ્યાં છે, તે આગલ જણાવવામાં આવ્યું છે તેમ તનની પવિત્રાઇ અને તે ઉપરથી મનની પવિત્રાઇ અને એ રીતે જેમ આ જેહાનના તેમ પેલી જેહાંનના સુખ બાબે છે; તેઓને ઓરતપણાને લગતાં તથા માવતરપણાંને લગતાં જણાવ્યાં છે જેમાં જનનારી માતાઓને તેઓને જન્મ આપવાની સેહેલાઇ માટે તથા બચ્ચાં-ઓને ધવાડવાના દુધ માટેનો ઈશારો બતાવે છે; તેઓને વળી તાકાત વગરનાં પ્રાણીઓને શક્તિ આપવા માટે એક સંગીન ખોરાક તરીકેનાં સાંધનો તરીકે ગણવામાં આવ્યાં છે, જે માટે પણ આપણે આગલ જણાવ્યું છે; અને એટલાં માટે એઓને અહુરમજદનાં તથા અહુરમજદને લગતાં પાણીઓ તરીકે વાજબી રીતે જણાવવામાં આવ્યાં છે.

ઇજશનેનો ૧૨ મો હા જેને અવસ્તાનો દીનનો કલમો

---

* આ છેલા બે ફકરાઓના અવસ્તા તઓની ઇબારતમાં કઠણ છે.

ગણવામાં આવે છે તેમાં ભણનારના મુખમાં નીચલા કલામો મુકવામાં આવ્યા છેઃ—

"યા વરનાઓ આપો*.... ....

તા વરેનાચા તકએષાચા." (ઇજ૦ હા ૧૨) ફ૦ ૭).

અર્થ.

"જેવી રીતનાં પાણીઓ* છે ....

તેવી રીતના મજ઼હબવાલો છું."

આવી પ્રકારની મોટાઇ ધરાવનારા અહુરમજ઼્દને લગતાં ખુબીવંતા પાણીઓને જેઓ ઈજે તેઓની કીર્તિઓમાં વધારો થાય છે; જેમકે યજ઼શ્નેના ૬૮મા હાના ફકરા ૧૦ અને ૧૧ માં ભણનાર દુવા ચાહે છે કે "(ઓ પાણીઓ †!) જે શખ્સ અહુરમજ઼્દના તથા અહુરમજ઼્દને લગતાં પાણીઓને ઉત્તમ ક્રિયાની જોર સાથે (એટલે યજ઼શ્નેથી) ઇજે તેને તમે નુર તથા કીર્તિ આપો, તેને તનદરોસ્તી આપો, ફત્તેહ આપો, પુરતાં સુખવાલી દોલત, ચંચળ ફરજ઼ંદ, લાંબી જીંદગી, તથા અશો લોકમાટેનું રોશણુ તથા તમામ સુખવાલું બેહેશ્ત આપો."

મહાબોખતાર નીઆયશના "દસ્ત અમેમ્" વાલા ભાગમાં નીચે જણાવ્યા પ્રમાણેની દુવા મળે છેઃ—

"ચિથ્રેમ્ બોઈત્ યૂજ઼ેમ્ચિત્ ખરેનો યજ઼ેમ્નાઇ આપો દાયત."

અર્થ

"(ઓ યજ઼દો!) પાણીઓના ઈજ઼નારને જાહેર રીતે ખચીત તમો ઓરેહ આપો."

---

* અસલ એબારતમાં પાણી ઉપરાંત, ઝાડપાન, ગોસપંદો, અહુરમજ઼્દ, જ઼રથોસ્ત, કએ ગોસ્તાસ્પ, ફ્રશોશત્ર, જામાસ્પ, તથા અશો પુરુષને પણ સરખાવ્યા છે.

† અહીં અર્દવીસુરના પાણી માટે ઇશારો છે.

અહુરમજદ યશતમાં અહુરમજદ અશો જરથોશ્તને નસીહત દેતો માલમ પડે છે કે,

"જસાનિ તે અવંઘૂહુએચ રફ્નંઘૂહુએચ અજેમ્ યો અહુરો મજદાઓ, જસાઈતિ તે અવંઘૂહુએચ રફ્નંઘૂહુએચ યો વંઘૂહુશ્ અઓષો અઞ્યો, જસાઓન્તિ તે અવંઘૂહુએચ રફ્નંઘૂહુએચ યાઓ આપો, યાઓસ્ચ ઉર્વરાઓ યાઓસ્ચ અષાઉનાંમ્ ફ્રવષયો."

અર્થ.

"(ઓ અશો જરથોશ્ત! જો તું મારાં નામો યાદ કરશે તો) હું અહુરમજદ તારી મદદે આવશ, તેમજ સરોષ અશો આવશે, તેમજ પાણીઓ, ઝાડપાનો, તથા અશો લોકના ફરોહરો* આવશે."

ઉપલા ફકરાઓ ઉપરથી ત્યારે અહુરમજદને લગતાં પાણીની અગત્યતા જણાઇ આવે છે.

પાણી નુકસાનકારક છે કે?

સઘળી રીતે જોતાં પાણી ફાયદાકારક છે. તોએ એક બાબતમાં તેના પર દોષ મુકવામાં આવે છે, અને તે માણસને ડુબવાની બાબતમાં છે, જેથી આપણે લોકોને બોધ દેતાં સાંભળ્યે છિયે કે પાણી સાથ ચેડાં કાઢવા નહીં. આ વિચાર કદીમ જમાનામાં પણ લોકોમાં પ્રવેશ થયલો અવસ્તાના લખાણ પરથી માલમ પડે છે. "પાણી માણસને મારે છે" એવા વિચારને અવસ્તા ભૂલભરેલો ગણે છે, જેમકે જ્યારે જરથોશ્ત સાહેબે દાદાર અહુરમજદથી જાણવા માંગ્યું કે "ઓ પેદા કરનાર? શું પાણી માણસને મારે છે?" ત્યારે અહુરમજદે જવાબ આપ્યો કે "પાણી માણસને મારતું નથી. મોતનો દેવ તેને બાંધે છે (એટલે દમ બંધ કરે છે); પવન તે બાંધેલાને ઘસડી લઇ જાય છે; પાણી તો

---

* ફરોહર અથવા ફ્રવષી એટલે માણસના રવાન ઉપર નેઘેહ રાખનાર હંમેશની જીંદગી વાળુ રૂહ.

(ડુબનારને) ઉપર લાવે છે અને પછી કીનારાપર પટકે છે (એટલે ડુબનાર બે ત્રણ બુડકી ખાઇ ડુબી મરે છે અને સેવટે કીનારાપર પછડાય છે); પણ એ સો (જે બને છે) તે, તે માણુસના તકદીરથી (બને) છે." (જુઓ, વંદી૦ પરગ૦ ૫)મી ફ૦ ૮ મો).

ઉપલા લખાણપરથી વાંચનારની ખાત્રી થઈ હશે કે એમાં પાણીપર દોષ મુંકવો સજાવાર નથી. એમ તો આપણે આતશપર દોષ મુકી શકયે, એમ તો આપણે ખોદાપર દોષ મુકી શકયે. પાણી, ખરૂં જોતાં તો, આબાદી તથા પવિત્રાઇ માટે ઘણું ઉપયોગનું છે, જેમકે યજશ્નેના ૬૮ મા હાના ૨૧)માં ફકરામાં ભણનાર કહે છે કે,

"પાણીની આબાદીને તથા પવિત્રાઇને અમો વખાણયે છિયે."

પાણીને લગતા ફિરેશ્તાઓ.

તેશતરતીર યજદ—એને લગતી ખુલાસેવાર વિગતો આગલ જોવામાં આવશે.

* ખોર્દાદ અમશાસપંદ—પાણીમાં પડેલી નજીસાઇથી એ અમશાસપંદ નાખુશ થાય છે. જે જે ગૂનાહોથી એ નાખુશ છે તે ગૂનાહોનો સારાંશ "ઇરાની પતેત"માંથી જણાઈ આવે છે કે જેમાં પતેત કરનાર ખોર્દાદ અમશાસપંદ પાસ નીચે જણાવેલા ગૂનાહો માટે માંફી ચાહે છે:— "જો મેં પાણીમાં નસો નાંખ્યો હોય, જો ખૅાબમાંથી હોશિયાર થતાં નીરંગથી મારા હાથો પવિત્ર કરવા અગાઉ વેહેંતાં પાણીથી મેં ધોયા હોય, જો દશતાનને લગતી કે સુકા નસાને લગતી કોઇબી નજીસ ચીજ (જેવી કે બાલ, નખ, વગેરે) પાણીમાં નાંખી હોય, યા તેમાં થુક કે નીંટ

---

* (અવસ્તા) "હઉર્વતાત્" ([illegible]); અવસ્તા "હઉર્વ" સંસ્કૃત "सर्व" "સઘળું" પરથી એનો અર્થ "પુષ્કળતા" થાય છે. પ્રોફેસર દાર્મસ્ટેટે એને લાટીન "Servus" = "બચાવનાર" સાથ સરખાવે છે અને એને મળતો અવસ્તા ધાતુ "હર" [illegible]="બચાવવું" વધારે બંધ-બેસ્તો ધારે છે.

નાંખી હોય તો તે માટે પશેમાન છું." ખોર્દાદ અમશાસપંદનો જોડયો અમર્દાદ્ અમશાસપંદ તથા તેનો હરીફ યા દુશ્મન (પાણીને નુકસાન કરનાર) "તૌરૂ"† નામનો દેવ છે.

‡ સતવેશ્ સેતારો—તેશતર્તીરનો મુખ્ય મદદગાર. એ પાણીને હડસેલનાર તથા પાણી, જમીન અને ઝાડપાનનું મૂળ કેહેવાય છે (જુઓ ફરવરદીન યશ્ત ફકરો ૪૪). વધુ વિગત આગલ જોવામાં આવશે.

* અવિશ્ત્વંધ્ —"અવિ પાણીને સાફ કરનાર યાને તમામ તનદરોસ્તીના ઉપાયો લાવનાર છે (તેની વખાણ થાવો.)" (જુઓ વોહુક્ષથ્ર ગાથાની નીરંગ,યા યજશ્નેનો હા ૫૨, ફકરો ૨, તથા હોશબાંમની બંદગી.)

§ નફેદ્રો અપામ્ નપાત્—એને "પાણીનો નાભ" કહે છે. જમીઆદ યશ્તના ફકરા ૫૨)માં એનું વર્ણન નીચે પ્રમાણે છે:—"પાણીનો પુત્ર, તેજી ઘોડાપર બેસનાર, બુલંદ અને રોશન સાહેબ, જે, જ્યારે તેને અરજ કરવામાં આવે છે, ત્યારે કોધબી આદમીની મદદ પોંહોંચે છે, જે આદમીઓનો બનાવનાર, આદમીઓનો ઘાટ ઘડનાર એક ફિરેશ્તો છે, જે પાણીને ¶તળિયે રહે છે, જે જ્યારે તેની બંદગી કરવામાં આવેછે, ત્યારે તુર્ત ધ્યાન આપે છે."

---

† (અવસ્તા) "તઉર્વિ" ([illegible])="તરસ." ‡ પેહેલવી [illegible]

* [illegible] [illegible] ખુદ [illegible] (અષિ)નો અર્થ "પવિત્રાઈ" થાય છે.

§ [illegible] [illegible] [illegible]. સ૰ नप्त्र-नपात्-पौत्र. Cf યુનાનીઓના "નેપચુન." મુસલમીનોના "ખૈજ્રખાદર" તથા હિંદુઓના "રત્નાગર સાગરને" મળતું એનું વર્ણન છે. "નપાત્"નો અર્થ "કુતી" તથા "બચ્ચું" થાય છે (અવસ્તા "નાપીયો" સંસ્કૃત "नभी.") હિન્દુઓના વેદમાં એને લગતું જે વર્ણન મળે છે, તે જો એજ ફિરેશ્તો હોય તો "તે વીજળીનો આતશ હતો તથા વાદલાઓમાંથી ઉત્પન્ન થયો હતો."

¶ એનું રેહેઠાંણુ અરવન્દ નદીમાં કેહેવાય છે.

આંવાં યજદ-જુઓ એને લગતું વર્ણન જે આગલ ચાલતાં મળશે.

ઉપર જણાવેલા ફિરેશતાઓ ઉપરાંત નીચે જણાવેલા ફિરેશતાઓ વધતા ઓછા પાણીના કામમાં મદદ કરનારા છે:— બહમન્ અમશાસ્પંદ્ તથા ગોઆદ્, હોમ્, દીન્, બરજો, મેહેર, તથા રામ યજદો તથા વધો પારંદ્, વનન્ત્ સેતારો, તથા અશો લોકના ફરોહરો§ "જેઓ સૌ સૌના દેશ માટે પાણી લાવવા માટે લડે છે તથા પાણી પુરૂં પાડે છે".

પાણીનો ખોરશેદ સાથનો સંબંધ.

સર્વે સૃષ્ટિઓની ગતિ તથા તેઓનું ફરવું ખોરશેદની આકર્ષણ શકિતને લીધેછે અને ખોરશેદને તેઓ સાથ ઘાડો સંબંધ છે. ખોરશેદની રોશાણી અને તેના તાપથી જેમ બીજા ગ્રહોનું તેમજ આપણી પૃથ્વીનું જીવતદાન છે; તેમજ સર્વે અપવિત્રાઇના નાશનો મુખ્ય આધાર ખોરશેદના તાપ ઉપર છે. ખોરશેદ અને મેહેર નીયાએશ એટલામાટે દરરોજ ત્રણવાર પઢવાનું જરથોસ્તી-ઓને ફરમાન છે તે આપણી દીનની ફિલસુફીની ઉંડી સમજ સાબેત કરે છે. ખોરશેદના તાપથી જેમ જમીનપર અનેક તરેહના ફેરફારો થાય છે (જે બાબે આપણે જમીનની બાબતમાં આગલ જોઇશું) તેમ પાણી પર તેની અસર વિશેષ છે. ખોરશેદનો તાપ એટલો તો સખ્ત છે કે જો આ ધરતી ઉપર પાણી વિશેષ પ્રમાણ માં ન હોય તો તમામ જગત બળીને ખાક થઈ જાય; તમામ જમીન વેરાન તથા ઝાડપાનો વગરની થઇ પડે. જે અસર ખોર-શેદ પાણીપર કરે છે તે એ છે કે ખોરશેદના તાપથી ધરતી પરનું કેટલુંક પાણી ગરમ થઇ બાફના આકારે આકાશમાં ઉપર ચઢે છે, જેના વાદલાંઓ બની વરસાદ, જયારે તેનો હિંગામ આવે

---

§જુઓ ફરવરદીન્ યશ્ત્ ફકરા, ૬૬, ૬૭, ૬૮.

છે, ત્યારે વરસે છે, જેપર માણસોના તેમજ પશુ–ઢોરોના તેમજ ઝાડપાનોના જીવવાનો આધાર રહે છે; તથા જે પ્રવાહી રૂપમાં ધરતીપર નજીસાત હોય છે તેનાપર જો ખોરશેદનો તાપ ન પડે તો જેમ નસાની બાબતમાં આપણે આગલ જોયું તેમ આ બાબતમાં પણ નજીસાત વધી જાય અને માણઘાતક મરકીઓ ચાલે. અવસ્તાની સમજણ પ્રમાણે આવી જાતનો નજીસાત રાતની વખતે ધરતી ઉપર વધી જાય છે અને દિવસે ખોરશેદની રોશણીથી દૂર થાય છે. ખોરશેદ નીઆયશમાં કહે છે કે,

"આઅત્ યત્ હ્વરે ઉજ્જુખ્શ્યેઇતિ, બવત્ જાંમ્ અહુર-ધાતાંમ્ યઓજ્દાથ્રેમ્, આપેમ્ તચિન્તાંમ્ યઓજ્દાથ્રેમ્, આપેમ્ ખાંન્યાંમ્ યઓજ્દાથ્રેમ્, આપેમ્ જયેનામ્ યઓજ્દાથ્રેમ્, આપેમ્ અર્મએશ્તાંમ્ યઓજ્દાથ્રેમ્, બવત્ દાંમ્ અષવ યઓજ્દાથ્રેમ્ યાઓ હેન્તિ સ્પેન્તહે મઇન્યેઉશ્."

અર્થ.

"જ્યારે ખોરશેદ ઉગે છે, ત્યારે અહુરમજ્દની પેદા કીધેલી જમીન પાક થાય છે, વેહેતાં પાણી પાક થાય છે, ઝરાના પાણી પાક થાય છે, દરિયાના પાણી પાક થાય છે, સ્થીર પાણી પાક થાય છે, અને સ્પેનામીનોની અશો પેદાશો પાક થાય છે."

પાણીનો હવા તથા આતશ સાથનો સંબંધ.

ખોરશેદ ઉપરાંત, પાણી, હવા તથા આતશ વગેરે સાથ શું સંબંધ ધરાવે છે તેને લગતું થોડું કંઇ લખાણ પેહેલવી *દીન-કર્દ કેતાબમાંથી મળે છે, જેનો મુખ્તેસર સાર નીચે મુજબ છે:—

"જાણવું કે આ દુનિયાની વસ્તુઓ હમેશાં પોતાના અસલ મથકની તરફ પાછો દેખાવ આપવાની મતલબથી છે. આતશનું અસલ મથક આતશનું નૂર છે. પાણીનું અસલ મથક જમીન

---

* જુઓ દસ્તુર પેશોતન બે૦ સંજાણાનું દીનકર્દનું પુસ્તક ૫) મું, ના૦ ૧૮૭), સફો ૨૭૩).

ઉપરના દરિયાઓ છે. જેસ્સાથી આતશનું ઉપર નિકળી આવવું પવનને લીધે છે; અને તે પવનથી પાણીને તરેહવાર રીતે જમીન ની અંદર નીચે પથરાવું છે. પવનને લીધે દરિયાને હીલચાલ કરવી છે. આતશથી અને પાણીથી નજીસાઇને દૂર નહીં રાખવાથી અપવિત્રાઇઓ વધી જાય છે. નજીસાઇ દરિયાના પાણીમાં નાંખવા થી સવલી હવાની અંદર તે મળી જાય છે. અને પવનની ગરમીની મારફતે તે નજીસાઈનો બાફ લોકોમાં પેવસ થાય છે, જેથી લોકોમાં શું ગરમી કે શું સરદીનું જોર વધે છે."

પેહેલવી લખાણનો ઉપર ટાંકી બતાવેલો ફકરો માત્ર તેનો અર્ક છે. અસલ લખાણમાં અપવિત્રાઇથી, રીમનીથી તથા નજીસાત થી દૂર રેહેવાની દીનની ફરજ જણાવી છે; તથા જે બીજી દીન પાલનારાઓ આતશ તથા પાણીને નજીસાઇથી દૂર નથી રાખતા તેઓને ધિક્કાર્યા છે. ઉપર ટાંકી બતાવેલા સારાંશમાં કેટલી બધી ભેદભરેલી બાબતો સમાઇ છે તે વિગતવાર અત્રે દર્શાવવાની જગા નથી; તોપણ વાંચનાર એટલું તો ચેતશે કે તેમાં આ દુનિયામાં કંઇ કંઇ ચીજ નકામી ન જતાં અનેક તરેહના આકારો લેછે; દરિયાનું પાણી ખોરશેદના તાપથી તપી વરાળરૂપે વાદલાં બની પાછું વરસાદના આકારમાં આવે છે; જમીનમાં ધરતીકંપ થાય છે; પાતાલમાંથી ઝરાની મારફતે પાણી આવે છે; દરિયામાં ભરતી તથા ઓટ થાય છે; પાણીને અપવિત્રાઈથી દૂર ન રાખવાથી અનેક રોગનો ઉપદ્રવ વધી જાય છે, વગેરેને લગતી બાબતો સમાયલી છે. જે વિચારો (તથા જે વિદ્યાઓ) હાલના સુધરેલા જમાનામાં પ્રવેશ થયેલા લોકો ધારે છે તે આપણી શેહેનશાહતના વખતમાં તેઓની પુર તેજીમાં હતા એ આપણને ખુશી કરનારૂં છે.

પાણીને લગતી પવિત્રાઈ, આબાદી, ફાયદા વગેરેની તપાસ લીધા પછી આપણે એને લગતી ભૂગોલ વિદ્યા તથા તવારીખની તપાસ લઈએ. જે આકારમાં પાણી મળે છે તેને લગતા અવસ્તાના શબ્દો શું છે તે નીચલા અવસ્તા પરથી જણાશે.

[illegible]

[illegible]

[illegible]

(યજશ્ને હા ૬૮) ફકરે ૬)—

અર્થ.

"જમીન ઉપરના તમામ પાણીઓને વખાણીએ છિયે, જેવાંકે થમ, દોડતાં, ઝરાનાં, નદીનાં વેહેતાં, બરફના ટીપાતાં, તથા વરસાદનાં."

વળી પાણીને પાક કરતી વેલા જે અવસ્તા અહુરમજદે પઢવા કહયા છે તે નીચે પ્રમાણે છે:—

[illegible]

[illegible] *

[જુઓ હફતંગ યશત કરદો ૪ થો યા યજશ્ને હા ૩૮) ફકરો ૩ જો; તથા વંદીદાદ પરગરદ ૧૧, ફકરો ૫, મો].

અર્થ.

"વળી પાણીઓને અમે ઇજયે છિયે, જેવાકે ટીપાતાં, એકઠાં થતાં તથા આગલ વેહેતાં."*

આવી તરેહના પાણીઓ શું શું આકાર લેછે તેનું છુટું છુટું વીગતવાર બયાન નીચે મુજબ છે:—

* આ પછીના અવસ્તા તથા અર્થ માટે જુઓ આ બાબ ની શરૂઆતમાં આપેલા અવસ્તા તથા અર્થ; તથા પાણીને લાગુ પાડેલા વધુ વિશેષણો વિષે જુઓ આ રસાલાનો સફો ૧૬) તથા ૧૭) મો. વલી "વેહેતાં પાણી," "ઝરાના પાણી," "દરિયાના પાણી" તથા "સ્થીર પાણી" વિષેના ઇસારા બાબે જુઓ "ખોરશેદ નીઆએશ" માંહેલો ફકરો આ રેસાલાના સફા ૧૩માં.

પાણીના થતા ફેરફારો.

ઓટ અને ભરતી.

પેહેલવી૦ "ફરૂદ વ લાલા આહુંગ" [illegible]

જરથોશ્તી દીનની રૂયે પાણીના ઉત્તમ ગુણોની આપણે તપાસ લીધા પછી કુદરતના બાબમાં પાણી જે જુદી જુદી જાતના ફેરફારો તથા હીલચાલ બતાવે છે તેની આપણે હવે તપાસ લઈએ. આ બાબતપર વધારે અજવાળું પેહેલવી કેતાબો નાંખે છે. હું જે કેહવા માંગુ છું તે ભરતી અને ઓટ તથા વરસાદને લગતી બાબતો છે.

હાલની ખગોલ વિદ્યા આપણને શિખવે છે કે ચંદ્રનું ફરવું પૃથ્વીની આસપાસ હોવાને લીધે ચંદ્રના ખેચાંણથી જ્યારે પૃથ્વીના અરધા ભાગ તરફના પાણીનું ખેચાવું થાય છે યાને દરિયાનું પાણી ઉભાય છે જેને આપણે ભરતી કહીએ છિયે, ત્યારે એક બાજુના ઉભાવવાને લીધે પૃથ્વીની ઉલટી બાજુના ભાગ તરફનું પાણીનું ઘસડાઇ જવું તે બાજુ ઓટ કરે છે. તેમજ જ્યારે પૃથ્વીની સામી બાજુ તરફ દરિયાઓનું ઉભાવવું થાય છે ત્યારે આ બાજુ તરફના દરિયાઓની ઓટ થાય છે. માત્ર થોડાજ શબ્દોમાં હાલની ખગોળ વિદ્યાનું ઉપલું ધોરણ બતાવી આપણી જે મતલબ આપણા પુસ્તકોને લગતી છે તેપર આવીએ.

બુનદેહેશ કેતાબ એવી રીતનો ખુલાસો કરે છે કે માહા ઓખતાર આગલથી બે જુદા જુદા પવનો ફુકે છે; એક પવન નીચે ફુકે છે અને બીજો ઉપર ફુકે છે. જ્યારે પવન ઉપર ફુકે છે ત્યારે ભરતી થાય છે અને નીચે ફુકે છે ત્યારે ઓટ થાય છે.

હાલનો શિખતો જવાન આ વાત કબુલ કરશે નહીં. તે પુછશે એમાં પવન શાનો ફુકતો હતો ? પણ તેમ નથી. "ઉપર ફુકવું" એની મતલબ આકર્ષણને લગતી છે; એટલે જેમ આપણે

દમ ઉપર ખેંચ્યે છિયે તેમ, ચંદ્ર પૃથ્વીને ખેંચવા માંગે છે, પણ પૃથ્વીની ગતિ તથા મમાણનું બળ એટલું તો વિશેષ છે કે તમામ પૃથ્વી નહીં ખેંચાતાં માત્ર દરિયાઓ ઉભરાએ છે. બુન-દેહેશ કેતાબના ઉપલા લખાણની તપાસ પ્રોફેસર દાર્મસ્ટેટેએ બરાબર લીધી છે જે માટે તેને શાબાશી ઘટે છે. જે સવાલ હાલનો શિખતો જવાન ઉઠાવી શકે એવો સવાલ યુરોપીઅનોએ પણ ઉઠાવ્યો હશે જે માટે તે બુનદેહેશના લખાણની ખુબી સમજાવતા તે વિદ્વાન કહે છે કે "જમીનપરથી અને દરિયામાંથી ફુકતા પવનને લીધે ભરતી અને ઓટ થાય છે એવું સમજાવવાની આ એક ગુચવણભરેલી કોશેશ જેમ પેહલા તરીકામાં નજર આવે છે, તેમ નથી; પણ માત્ર કલ્પિત ખરી બીનાઓનું વાજબી પરિણામ છે. આપણે ધાર્યે કે પવન ચંદ્રમા તરફથી હંમેશ પૂર્વ અને પશ્ચિમે ફુકે છે, તો માલમ પડશે જે જ્યારે ચંદ્ર ઉગે છે ત્યારે પૂર્વ તરફનો પવન ફુકવો જોઇએ; જેથી તે પશ્ચિમે જયાં સુધી કે ચંદ્ર છેક મથાલે આવે ત્યાં સુધી ઈરાની અખાત તરફ પાણીના રેલાને ભરતીના જોરમાં હડસેલતો હોવો જોઇએ. ચંદ્ર છેક મથાલે આવ્યા પછી જ્યારે પવન પોતાનો રસ્તો પશ્ચિમ ભણી લે છે ત્યારે તે ઇરાની અખાતની પૂર્વ ભણી ઓટના આકારમાં પાણીને ઘસડતો હોવો જોઇએ. અને એ રીતે ચંદ્રમાની હીલચાલપર રોજ ભરતી અને ઓટનો હીસાબ આવી રહે છે." (જુઓ મેક્ષમુલરનું વોલ્યુમ ૫)મું પાને ૪૪માં આપેલી નોંધ.)

વરસાદ.

અવસ્તા-"વાર"([illegible]); પેહેલવી-"બાર" અથવા "વાર" [illegible]; ફારસી-"બારાન" باران

વરસાદ શું છે, તેની કેટલી જરૂર છે, અને તે જરૂરીયાતના કારણો શું છે, માણસોના તથા પશુ-ઢોરોના જીવવાનો આધાર એનાપર કેટલો છે, તથા હેરેમનથી ઉત્પન્ન થતા રોગોનો તેનાથી કેવો અટકાવ થાય છે, તે આપણે ઘણું સારી રીતે સમજયેછિયે. કુલે આલમ વરસાદના હિંગામમાં એકી તગરે વરસાદની વાટ જોય છે. જો એક સાલ વરસાદ પુરતો ન વરસે તો આલમમાં તમામ શોહોર મચી રહે છે તથા ગભરાટ થાય છે. **પાણી, જમીન,** અને **ઝાડપાન**માં **પાણી** વધારે અગત્યતા ધરાવે છે, કારણ કે જમીન અને ઝાડપાનોનું પોષણ **પાણી**થી છે; પણ ખુદ પાણીનો આધાર **વરસાદ** ઉપર છે. વંદીદાદની પરગરદ ૨૧)મીની મતલબ એવી રીતની છે કે "વરસાદ તંનદરોસ્તી આપે છે, અને ગૂનેહગારોથી ખરાબ થયલી જમીનને તે ધોઈ નાંખે છે."

વરસાદના બાબમાં ખગોલ વિધાની મારફતે જ્યારે આપણે એમ જાણ્યે છિયે કે સુરજના તાપથી આ જગતપરનું પાણી બારીક હવાના આકારે આકાશમાં ચઢે છે, જે ત્યાંની સરદ હવાના સમાગમમાં આવવાના સબબથી વાદળાંનો આકાર લે છે, જે, જ્યારે આપણી પૃથ્વીનું ફરવું (ચક્રગતિ) રાશિ ચક્ર મંડળની ચોકસ રાશિ આગળ આવવું થાય છે ત્યારે તે વાદલાં પવનના ઝપાટાથી વીખરાઈ પાણીના આકારે જમીનપર પડે છે, જેનાં પવનના જોરાથી છાંટાઓ બની વરસાદ વરસેછે; ત્યારે આપણી દીનને લગતી કેતાબો, અવસ્તા તેમજ પેહેલવી, વરસાદ વરસવાનું કારણ તેશતર સેતારાની તથા સતવેસ સેતારાની ચાલનું બતાવે છે; અને જેમ આપણે ભરતી તથા ઓટના

બાબમાં આગલ જોયું કે હાલની વિદ્યાના વિચારો આગલા જમાનામાં કેવી રીતે જાહેર હતા તો વરસાદને લગતા આ વિચારોના ભેદ બાબે સમજવું સેહેલ થઇ પડશે.

ખગોલ વિદ્યાની આગલ જણાવેલી યાને ઓટ અને ભરતીની તથા વરસાદની આ તર્કો ઉપર યુરોપીઅન વિદ્વાનોને આવ્યાને માત્ર થોડીક સદીઓ થઇ હશે, પણ ઉપલી તર્કને મળતું અનુમાન અવસ્તા જમાનામાં પણ જાહેર હતું તે આપણું જરથોશતીઓને મગરૂર થવા જેવું છે. સ્પેતમાન જરથોશતના ૨૧) નોસકોમાનું એક નોસક ખગોલ વિદ્યાને લગતું હતું.

આપણી કેતાબો જ્યારે વરસાદ વરસાવવાનું મૂખ્ય માન "તેશતર તીર" ઈજદ યાને સેતારાને તેમજ "સતવેશ" તારાને આપે છે, ત્યારે એઓને લગતી, તેમાં મૂખ્ય કરી પેહેલાને લગતી, થોડીક વિગતો જાણવાજોગ થઇ પડશે.

તેશતર–(અવસ્તા [illegible] પેહેલવી * [illegible])

તેશતર સેતારો વરસાદ પર મવકલ.

એક મોટામાં મોટો તારો છે. તે એક તારો તેમજ એક ફિરેશતો છે, જેને આપણે "તેશતર તીર ઈજદ" ના નામથી ઓળખ્યે છિએ. દાદાર અહુરમજદે એને શિર એક જોખમનું કામ સોંપેલું છે અને તે વરસાદને લગતું છે. બુનદેહેશ કેતાબ એને તારાઓનો સરદાર ગણે છે અને ગ્રહોના વેરી તરીકે એની પીછાન કરાવે છે. "અપઓશ" નામનો દેવ એનો હરીફ છે એટલે તે દેવ વરસાદ અટકાવવાની દરેક કોશેશ કરનારો છે; પણ "અપઓશ" એક ગ્રહ છે કે નહીં તે આપણે જાણી શકતા નથી.

અથવા Dogstar. એ Canis Major નાં નક્ષેત્રમાંનો પૂર્વ દિશા તરફનો ચળકતો મોટો તારો છે. યુરોપીઅન વિધવાનો "તેશતર"ને "સિર્યસ" (Sirius) તારા તરીકે પીછાને છે; અને તેઓની ગણત્રી પ્રમાણે એનો અમલ ઈંગ્રેજી તારીખ ૨૧ મી જુનથી ૨૧ મી જુલાઈ સુધીનો છે.

તીર યશતના ૧લા ફકરા પ્રમાણે "તેશતર ખેતરોને પાણી પુરૂં પાડે છે."

તીર યશતના બીજા કર્દામાં (ફકરા ૪થામાં) એને નીચે જણાવેલા વિશેષણો લાગુ પાડવામાં આવ્યાછે:—

તેશતર સેતારાના ગુણો.

"તે ચળકાટવાલો, નુરમંદ, પાણીઓનું મૂળ ધરાવનારો, જોરેમંદ, બુલંદ, છેક લાંબે વેર પ્રકાશ આપતો, શક્તિ ધરાવનારો, ખંતથી ઉદ્યોગ કરનાર એવો છે, જેની મારફતે પાણીનો ચળકાટ તથા તેનું મૂળ "અપાંમ્ નપાત્" (ફિરેશ્તા)થી પોંહોંચે છે."

બીજી યશતો માફક તીર યશત પણ આપણને પઢવી ઘણી સારી છે. ફતેહના બાબમાં જેમ બેહેરામ યજદને યાદ કરવામાં આવે છે, અને તે ફરેશ્તો ૧૦ જુદા જુદા આકારમાં તેને યાદ કરનારની મદદે પોંહોંચે છે, તેમ જ્યારે તેશતર તીર યજદની મદદ માંગવામાં આવે છે, ત્યારે તે ૩) જુદા જુદા આકારમાં * તેને યાદ કરનારની સહાયતા માટે આવે છે. આ બીનાની સાબેતીમાં નીચે જણાવેલી વિગત અનુકુળ થઇ પડશે.

તેશતરની અપઓશ સાથની લડાઇ.

આ જગત ઉપર તેશતર તીર યજદે જ્યારે પેહેલા વરસાદ વરસાવ્યો ત્યારે તેનો હરીફ અપઓશ † દેવ તેની સામે થયો, કે જે દેવને હેરેમને વરસાદને હરકત કરવા માટે નેમેલો હતો. જ્યારે તેશતર તીર યજદ વોઉરૂકષ દરિયામાં પાણીને જોશમાં લાવવા સફેદ પાકજાદ ઘોડાના આકારમાં ગયો, ત્યારે અપઓશ દેવ કાલા ઘોડાના આકારે તેની સામે થયો.

---

* ૧૦ રાત જુવાન પૂરૂષના આકારમાં, ૧૦ રાત સોનેરી સીંગડાવાલા ગોધાના આકારમાં, ૧૦ રાત સફેદ, ખુબસુરત, સોનેરી કાનવાલા ઘોડાના આકારમાં.

† ખુદ "અપઓશ"નો અર્થ "પાણીને નુકસાન કરનાર" થાયે છે. એ દેવ વરસાદના કામમાં હરકત નાંખે છે તે બાબે વિગતવાર બીના માટે જુઓ મી૦ ખ૦ ૨૦ કામાનું "જરથોસ્ત નામું" માનાં ૧૬૫થી ૧૬૯.

બન્નેને સખ્ત લડાઈ થઈ જેમાં તેશતર હાર્યો. તેશતર અહુરમજ્દની જનાબમાં પોહોંચ્યો અને પોકાર કીધો કે "જેમ બીજા યજ્દાની યજ્શને આદમીઓ કરે છે તેમ તેઓ મારી પણ કરતા હતે તો મને ઘણું કૌવત* મળતે". આ ઉપરથી અહુરમજ્દે પોતે તેની યજશને કીધી જેથી તેણે જેટલું માગ્યું એટલું જોર મલ્યું†. ફરીથી લડાઈ થઇ જેમાં તેશતર ની ફત્તેહ થઈ, જેથી તે ખુશ થયો અને **પાણી** અને **ઝાડપાનો**ને દુવા ચાહી. (જુઓ તીરયશ્ત ફ૦ ૨૦ થી ૨૯; કરદા ૫ અને ૬). પછી તેશતર સફેદ ઘોડાના આકારે વોઉરૂકષ દરિયામાં ગયો અને તેને ઉભાડ્યો, પાણીઓને એમ તેમ હલાવ્યાં, જેથી તે દરિયાના કિનારાઓ તેમજ વચલો ભાગ જોશમાં આવ્યા. પછી તેશતર પોતાના હમશરીક તારા "સતવેશ" ની સાથે તે દરિયાની વચેના પાહાડ નામે ઉસ હિન્દુ (અથવા ઔસીનદુમ) ને **મથાળે આવ્યો અને તે દરિયાના પાણી તે તરફ (એટલે આસમાન તરફ) બાષ્પના આકારે ઉંચે ચહડયાં. (આ રીતે) ત્યાંથી બાષ્પ વાદલાંના આકારમાં ફેરવઇને આગલ વધે છે, જેને પવન હુડસેલે છે, જયાંથી તે વરસાદના આકારમાં જમીન ઉપર વરસે છે.** (તીર યશ્ત ફ૦ ૩૦ થી ૩૪).

કાલા અક્ષરોવાલા ઉપલા છેલ્લાં લખાણપર વાંચનારનું ધ્યાન ખેંચું છું. જે તર્ક યુરોપીઅન વિદ્વાનો છેક અસુરેથી જાણવા પાંમ્યાં હતાં તે છેક જરથોશ્તના જમાનામાં જાહેર હતી. તેશતરની અપઓશ સાથની તેમજ સફેદ ઘોડાની કાલા ઘોડા સાથની લડાઈએ વાંચનારને પેહેલી નજરમાં રમુજ આપી હશે; પણ માત્ર એ અલંકારીક રૂપ છે. તેશતર તથા સતવેશ

---

* અવસ્તા પ્રમાણે ૧૦ ઘોડા–૧૦ ઉંટ–૧૦ ગોધા–૧૦ પાહાડો તથા ૧૦ નદીઓઓનાં જેટલું જોર.

† રૂસ્તમ પેહેલવાનનું દાદાર અહુરમજ્દ પાસથી જોર માંગવું અને તે તેને મળવું એવી હકીકત જે શાહાનામામાં મળે છે તેને એ બીનાં મળતી આવે છે.

સેતારાઓ પાણીને ઉપર ખેંચે છે, તેનું સમજવું એ જે જ્યારે એ સેતારાઓ બરાબર આપણા માથાપર આવે છે ત્યારે પાણીનું એ પ્રમાણે ખેચાંણ થતું હશે એવું અલંકારીક રૂપમાં સમજવું.

વરસાદ વરસાવવામાં તેસતર તીર યજ઼દને બીજા ફિરેશતાઓની મદદ.

તેશતીર તીર યજ઼દનું એટલું કામ પુરૂં થઇ રહ્યા પછી હોમ યજ઼દ તેના કામમાં થોડીક મદદ કરે છે. તે આકાશમાંથી પાણીને જવાનો રસ્તો મોકલો કરી આપે છે. પછી અહુરમજ઼દનો પેદા કીધેલો "પવન" વરસાદને, વાદળાંઓને તથા કરાંઓને તમામ * ધરતી તરફ તેઓના હિંગામની વખતે લાવે છે. પછી બરજ઼ેયજ઼દ, ગોઆદ્ યજ઼દ, આવાંયજ઼દ, અને અશો લોકના ફરોહરો પાણીની વાટણી કરે છે. એ રીતે આ દુનિયામાં વરસાદ વરસવાનું કામ સંપુર્ણ થાય છે.

પણ વરસાદ વરસાવનાર તો અહુરમજ઼દ પોતે છે.

અને જેમ આપણે જાણીયે છિયે કે સર્વે ચીજમાં તે કીરતારનો મુખ્ય હાથ છે, તેમ વરસાદનું વરસવું અહુરમજ઼દના હોકમથી છે. જ્યારે સ્પેતમાન જ઼રથોશ્તે પાક અહુરમજ઼દથી જાણવા માંગ્યું કે "ઓ ખાકી દુનીયાને પેદા કરનાર અશો! તું કે જે અહુરમજ઼દ છે તે શું પવન તથા વાદલાંઓ સાથનું પાણી વોઉરૂકષ દરિયામાંથી વરસાવે છે? શું તું પાણીને નસા તરફ, દખ્મા તરફ, સુકા નસા તરફ, હાડકાં તરફ, ખેમાલુમ રીતે વરસાવે છે? તે (પવન અને વાદલાંઓ) સાથે (તે પાણીને) શું તું પૂઇતીક દરિયા તરફ વરસાવેછે?" (વંદીદાદ પરગરદ પાંચમી ફકરા ૧૫–૧૬). ત્યારે તેનો અહુરમજ઼દ તરફથી જવાબ મળ્યો કે "ઓ અશો જ઼રથોશ્ત! ખચિત જેમ તું ધારે છે તેમ હું જે અહુરમજ઼દ તે, પવન તથા વાદલાંઓ સાથે પાણીને વોઉરૂકષ દરિયામાંથી વરસાવુંછું. હું તે પાણીને નસા તરફ, દખ્મા તરફ,

---

* અવસ્તા પ્રમાણે "શેહેરો તરફ, જગાઓ તરફ, તથા હફ્ત કેશ્વર તરફ."

હેર* નસા તરફ, હાડકાં તરફ, બેમાલુમ રીતે વરસાવું છું. તે પાણીને પૂઇતીક દરિયા તરફ વરસાવુંછું. તે વેહેતાં પાણી દરિયાની વચોવચમાં ઉભાં રહે છે. પવિત્રાઇ માટે પૂઇતીક દરિયામાંથી વોઉરૂકષ દરિયા તરફ વેહેછે; ત્યાંથી તે પાણી હવાપ† ઝાડ તરફ વેહેછે; જ્યાંથી સો ઘણા, હજાર ઘણા તથા બેસુમાર મારાં તમામ જાત જાતનાં ઝાડો ઉગેછે. તે ઝાડો પર હું જે અહુરમજ્દ તે અશો પુરૂષના ખોરાક માટે, પશુ-ઢોરોના ચારા માટે વરસાદ વરસાવુંછું કે તેથી માણસો અનાજ ખાય, તથા પશુ-ઢોરો ઘાસ ચારો ખાય." (ઉપલીજ પરગરદ ફકરા ૧૭ થી ૨૦.)

વરસાદના વરસવાથી દુનિયાની આબાદી છે, માણસ તથા પશુ-ઢોરોનું જીવતદાન છે તથા અપવિત્રાઇઓ ધોવાઇ જાય છે એવું જે મેં આગલ કહ્યું તેની સાબેતીમાં ઉપર જે અહુરમજ્દ તરફનો ખુલાસો મેં ટાંકી બતાવ્યો છે તે હું ધારૂંછું કે પુરતો છે.

ઉપર ટાંકી બતાવેલા અવસ્તાના ફકરાઓ ઉપરાંત પેહેલવી કેતાબોમાં ઉપર જણાવેલી બીનાંઓને મળતું પણ વધારે ખુલાસા સાથનું બયાન મળે છે, પણ તે એકનું એક હોવાને લીધે વાંચનારને પીજન સરખું થઇ ન પડે એવી મતલબથી અત્રે રજુ કરવાની જરૂર નથી; એટલામાટે વધુ ખુલાસા સારૂ જુઓ દસ્તુર પેશોતન બે૦ સંજાણાવાલું દીનકર્દનું પુસ્તક ત્રીજું, સફા ૧૪૩, નંબર ૧૧૨; તથા "દાદેસ્તાને દીની" સવાલ ૯૨, તથા જવાબ.

વરસાદના કામમાં હરકત નાંખનારાઓ.

પેહેલવી કેતાબ દીનકર્દ વધુ ખુલાસો એ કરે છે કે, દેવો, જાદુગરો, પરીઓ, તથા એ સઘળાઓનો સરદાર "‡અપઓશ" દેવ તથા "સપુજગર §" દરૂજ વરસાદના કામમાં હરકત નાંખે છે જેઓ

---

* સુકો નસો, નખ, બાલ, વગેરે.

† અથવા "હરવેસ્પ તોખ્મ" નામનું ઝાડ. અમરૂ (સીમોર્ગ) અને ચમરૂ નામના પક્ષિઓ આ ઝાડના બીઆં બધી ગમ વેરે છે જેમાંથી દુનિયાનાં ઝાડપાનોની પેદાશ થાય છે.

‡ (અવસ્તા) [illegible]; (પેહેલવી) [illegible]. ખુદ "અપઓશ" નો અર્થ "નુકસાન કરનાર" થાય છે.

§ અથવા "એસપનજરગાક" [illegible]

સામે દીન્ યજદ, આવાં યજદ, ગોઆદ્ યજદ તથા આદર્ યજદ લડે છે. દેવો ઉપરાંત જાલમોની નજર જો પાણીના બાફપર પડે છે તો વરસાદને હેલાકી પોંહોંચે છે; તેથી ઉલટું જ જો અશો લોકની નજર પડે છે તો વરસાદ* વરસે છે.

પાણીને લગતી ભૂગોલ તથા તવારીખ.

દરિયાઓ–(અવસ્તા [illegible]-પેહેલવી [illegible]).

જોકે આ દુનિયા તો જેવી ને તેવીજ છે; ઇરાન દેશ જે હતો તેજ છે; તોય જમાનાની ગીરદેશથી, તથા વખતના વેહેવાથી, તેની હદ, તેના કુદરતી દેખાવો, વગેરેમાં અનેક ફેરફારો થયા છે એવું આપણે ભૂસ્થર વિદ્યા પરથી કહી શકયે છિયે; તેમાં તેને લગતી સંપૂર્ણ ભૂગોલ વિદ્યાની ગેરહાજરીમાં આગલાં શેહેરો, દરિયાઓ, નદીઓ, પાહાડો, વગેરેને હાલના કયા કયા સાથ સરખાવવું એ મુસ્કેલ થઇ પડયું છે. પણ યુરોપીયન વિદ્વાનો તથા મૂસાફરો પોતાની કાલજીથી જે જે સરખામણી કરી શકયા છે તેપરજ સંતોષ રાખવો ગનીમત છે; તો જોકે દરેક વિદ્વાનના મતમાં કંઇ ને કંઇ ફેર માલમ પડે છે. અત્રે જે ભૂગોલ તથા તવારીખ જોવામાં આવશે તે ઘણું કરી ઇરાનદેશ માટેજ છે. મેં જે સરખામણી કીધી છે તે સર્વેના મતોનો અભ્યાસ કીધા પછી જેમ મને વાજબી લાગું છે તેમ કીધી છે.

પેહેલવી બૂનદેહેશ કેતાબ જણાવે છે કે "ખારાં પાણીના દરિયાઓ ૨૩ છે, જેમાં ૩) મોટા અને ૨૦) નાના છે. જે ત્રણ મોટા છે તેઓના નામો પૂઇતીક, કમરૂદ અને સાહીબુન

---

* આકર્ષણ શક્તિને લગતી આ એક તર્ક છે. મુવેલાંઓને સગદીદ કરાવે છે તે કુત્રાની દૃષ્ટિ પાડવાની મતલબથી છે. હાલમાં પણ આપણે લોકોને મજાકમાં બોલતાં સાંભળ્યે છિયે કે "તમારા પાપે વરસાદ નથી આવતો", અને તેમ કેહેવાનું કારણ પણ એજ છે.

છે; તેમાં પૂઇતીક સર્વેથી મોટો છે. પૂઇતીકની બાજુ તરફ એક બીજો દરિયો છે જે સતવેશ નામનો છે." *

ખુલાસો—ઉપલા લખાણ પ્રમાણે જોતાં આપણને સાધારણ નજરે જણાય છે કે મોટા દરિયાઓ તે "મહાસાગરો" હોય અને નાના તે "સમુદ્રો" હોય અને ખરેજ હાલના "મહાસાગરો" ૩) છે. એમ સમજીયે કે એ "મહાસાગરો" માટે ન કેહેતાં, માત્ર ઈરાન દેશની આસપાસના "મોટા સમુદ્રો" અને "નાના સમૂદ્રો" (જેમાનાં કેટલાકતો સરોવરો છે તે) માટે બૂનદેહેશ કહે છે તો એ લખાણ પ્રમાણે "પૂઇતીક" સર્વેથી મોટો છે. એ છતાં જો જેઓ વિદ્વાનો હોય તેઓ પોતાની અટકળ કંઈ હદમાં કરતા હોય તો ઠીક લાગે; પણ છેકજ તેને "એરલના સમુદ્ર" સાથ સરખાવવો માનવાજોગ લાગતો નથી, સબબ તે ઘણોજ નાનો છે, બલકે તે "સમુદ્ર" છેજ નહીં, પણ "સરોવર" છે. અવસ્તા હવે "વોઉરૂકષ" દરિયાને દુનિયાના દરિયાઓમાં સર્વેથી મોટો જણાવે છે, જેથી ગુંચવણ પેદા થાય છે. "નાના દરિયાઓ" માટે બૂનદેહેશ કહેછે કે "કયાંસે" (અવસ્તાનો "કાસુ") મુખ્ય છે જે સજેસતાનમાં આવેલો છે.

+ વોઊરૂકષ દરિયો— "વોઉરૂકષ" [illegible] દરિયાને દુનિયામાં (યાને તે વખતના જણાયલા ભાગોમાં) સર્વેથી મોટો‡ દરિયો કહેછે. પેહેલવીમાં એને "જરેફરાખકુન્ત્" કહેછે. બૂનદેહેશમાં જે લખાણ મળે છેકે આ દરિયામાં ત્રણ પગવાલો ગધેડો

---

* જુઓ મેક્ષમૂલરનું પુસ્તક ૫)મું, પ્રકરણ ૧૩)મું, સફો ૪૩)મો.

+ એટલે "ચો તરફ ફેલાયલો" અથવા "પોહોલા કિનારાવાળો." પ્રો૦ યુસ્તી તથા ડાકટર ગાઈગરના મત મુજબ "કાસ્પીઅન સમુદ્ર." પ્રો૦ દાર્મસ્ટેટે તથા ડા૦ વેસ્ટ એને "અરબી સમુદ્ર" સમજે છે. પેહેલો માનવા જોગ છે.

‡ મજદયસ્નની દીનની સરખામણી કરતાં વંદીદાદની પરગરદ ૫)મીમાં કહે છે કે જેમ દરિયાઓમાં સર્વેથી મોટો "વોઉરૂકષ" છે, તેમ મજદયસ્નની દીન સર્વે દીનોમાં ચઢીયાતી છે.

છે, તે માટે પ્રોફેસર દાર્મેસ્ટેટે એને આકાશમાં વાદલાંઓના કુદરતી મળતાં દેખાવનું અલંકારીક રૂપ ધારે છે*. આ દરિયામાં "ગોકેરન" નામનું ઝાડ છે જેપર "અમરૂ" (સીમોર્ગ) તથા "ચમરૂ" નામના બે પક્ષીઓ બેસે છે. સીમોર્ગ આ ઝાડની ડાંખલીઓ હલાવે છે જેથી તેના બી આ દરિયામાં પડેછે, જે બાફના આકારે આકાશમાં જઈ વરસાદની મારફતે તમામ દુનિયામાં પડેછે, જેનાં ઝાડો ઉગે છે. હેરેમને આ ઝાડને નુકસાન કરવાની મતલબથી એક ગલોડી પેદા કીધી છે, જેથી એ ઝાડની રખેવાલી ૧૦ "કર" †નામની મોટી માછલીઓ કરેછે, જેઓની જોવાની શકિત ઘણી તિક્ષણ છે. (જુઓ બૂનદેહેશ પ્ર૦ ૧૮) ફ૦ ૨) થી ૬) મેક્ષમુલરનું પુસ્તક ૫મું સફે ૬૫) અને ૬૬); તથા મીનોખેરદ પ્ર૦ ૬૨મું મેક્ષમુલરનું પુ૦ ૨૪ મું, પાનું ૧૧૧ મું). ઉપલા લખાણોની મતલબ એ જણાય છે કે વરસાદના વરસવાથી ઝાડપાનોનું ઉગવું થાય છે.

‡પૂઇતીક—પેહેલવી "પૂતીક" [illegible] બૂનદેહેશ પ્રમાણે ખારા દરિયાઓમાં સૌથી મોટો દરિયો.

સતવેશ—પેહેલવી સતેવેશ [illegible] અવસ્તા [illegible] કેટલાક વિદ્વાનો એને "અરબી સમુદ્ર" તરીકે ઓળખે છે, જ્યારે કેટલાકો એને "ઇરાની અખાત" કહે છે. છેલો માનવાજોગ છે.

---

* અસલ ઈરાનીઓ રૂતુઓના ફેરફાર તથા વરસાદ વરસવાનો હીસાબ વાદલાંઓના આકાર પરથી કરતા હતા.

† અથવા "અરીઝ". એ મોટામાં મોટી માછલી છે. (પે૦ વીસપરદ પ્ર૦ ૧) ફ૦ ૧); બૂનદેહેશ પ્ર૦ ૨૪) ફ૦ ૧૩); પ્ર૦ ૧૪) ફ૦ ૧૨), ૨૬); બેહેરામયશ્ત ક૦ ૧૧). નાનામાં નાની માછલી "નીમદુ" નામની જણાવી છે. (બુનદેહેશ પ્ર૦ ૧૪) ફ૦ ૧૨).

‡ જુઓ વંદીદાદ પ્ર૦ ૫, ફ૦ ૧૬). યુરોપીઅન વિદ્વાનો એને પણ "કાસ્પીઅન સમુદ્ર" તરીકે ઓળખે છે. પ્રો૦ દાર્મેસ્ટેટ ધારે છે કે "પૂઇતીક" માત્ર "વોઉરૂકશ" દરિયાનું ખ્યાલી નામ હોય (જુઓ એની વંદી૦ પાનું ૫૩ મું).

ફ્રમરૂદ *—[Avestan/Pahlavi script]; તપરીસ્તાનમાં આવેલો સમુદ્ર.

શાહી બૂન-પે૦ [Avestan/Pahlavi script]; અરૂમમાં (in Armenia) આવેલો સમુદ્ર છે. એ હાલનો "મેડીટરેન્યન સમુદ્ર" હોય; અથવા તો પ્રાચીન કાળનો Euxine સમુદ્ર હોય. પેહેલો માનવાજોગ છે.

કયાન સીહુ-પે૦ [Avestan/Pahlavi script] અવસ્તાનો "કાંસુ". સજેસ્તાનમાં આવેલો જણાયલો છે. એમાં પેહેલાં ખ્રફસતરો ન હતાં. એનાં પાણી પેહેલાં મીઠાં હતાં, પછી ખારાં બન્યાં; જેથી એ "સરોવર" તેમજ "સમુદ્ર" તરીકે ઓળખાયો છે. રેસ્તાખેજની વખતે એનાં પાણી પાછા મીઠાં થશે. (જુઓ બૂનદેહેશ પ્રકરણ ૧૩) ફ૦ ૧૬), અને ૧૭). જુઓ "કાંસુ" સરોવર વિષે.

ખાજાઇવાન—એ "સમુદ્ર" હતો કે "સરોવર" એ શક ભરેલું છે. પ્રોફેસર યુસ્તિ એને Lake Van અથવા Lake Sevan સાથે સરખાવે છે, જે માનવા જોગ છે. જુઓ એજ નામના સરોવર વિષે.

નદીઓ.

અવસ્તા, [Avestan script] પેહેલવી [Pahlavi script] અથવા [Pahlavi script]

અર્દવીસૂર નદી.

અર્દવીસૂર—નદીઓમાં વિશેષ ધ્યાન અર્દવીસૂર (આંવાં અર્દવીસૂર) ખેંચે છે. આ નદી ઇરાન દેશમાં હતી. "અર્દવીસૂર" નદીનું તેમજ એક નારી ફિરેશતાનું નામ છે; જેમકે હિંદુઓની ગંગા, જમના, કૃષ્ણા વગેરે, નદીઓના તેમજ તેઓની દેવીઓના નામો છે. અર્દવીસૂર ખુદ ઇરાનમાં હોવાને લીધે ઇરાનીઓ તેની યાદ કરતા હતા. અર્દવીસૂર માટે અહુરમજદે અશો જરથોસ્તને જણાવ્યું હતું કે "આ મારી અર્દવીસૂરનું એક એક નાળું (યા તેનું પાણી) તમામ હફ્ત કેશવર જમીનમાં ફરી વળે છે." (આંવૂહાઓસ્ચ મે

* જુઓ બૂનદેહેશ પ્ર૦ ૧૩), ફ૦ ૧૫).

અએવં ઘ્રહાઓ આપો અપવ્રજારો વીજસાઈતિ વીસ્પાઇશ્રૂ અવિ કર્શ્રવાન યાઈશ્રૂ હપ્ત). નદીઓનું વેહેતું પાહાડોમાંથી તથા જઈ મળવું દરિયાઓમાં હોય છે, તેમ અર્દવીસૂરને "હુકર્યર્ય" પાહાડમાંથી નિકળીને "વોઉરૂકષ" દરિયામાં (યાને "કાસ્પીઅન સમુદ્ર"માં) પડતી જણાવી છે (યા અમવઇતિ ફ્ર-તચઇતિ હુકર્યાત્ હચ બેહેરજંઘ્રૂહત્ અવિ જરૂયો વોઉરૂ-કષેમ્). તમામ દરિયાઓનું પાણી એક મેક સાથ મળે છે, જે સબબને લીધે દુનિયાના કોઈબી દરિયામાં અર્દવીસૂરનું પાણી જઈ મળવું જોઇએ એવું અહુરમજ્દનું ઉપર જણાવ્યા પ્રમાણે કેહેવું છે. આ સબબને લીધે આપણે ખુદ દરિયાને અર્દવીસૂર તરીકે જાણવા લાગ્યા છીએ, બાકી દરિયાને લગતો એક ફિરેશ્તો તો "અપામ્ નપાત્" છે, જે નરજાતીનો છે. (જુઓ આ રેસાલાનું પાનું ૨૧ મું). હિંદુઓ પણ દરિયાને "રત્નાગર સાગર" તથા મુસલમીનો "ખ્વાજા ખાદર" તરીકે નર જાતીનો આકાર આપે છે અને અસલ યુનાનીઓ પણ નેપ્ચૂન (Neptune) ને નર જાતીનો ગણતા હતા.

આ નદીનું પાણી ઘણું હજમયતવાળું, દુઃખ દરદોને મટાડનારૂં, તનદરોસતી આપનારૂં, પુષ્ટીકારક, મરદાની મની સાફ કરનારૂં, જણનારી સ્ત્રીઓનું દુધ વધારનારૂં, દવાઇ ગુણ ધરાવનારૂં ગોયા ટોનીક (tonic) તરીકે આવાંયશ્ત તેમજ ન્યાયેશમાં જણાવ્યું છે. આ નદી (અર્દવીસૂર, અવ૦ [Pahlavi] પેહેલવી [Pahlavi])ને પાછલા વખતના યુનાની ગ્રંથકારો "અનાહિતા" ને નામે ઓળખતા હતા. યૂરોપીયન વિદ્વાનો એને હાલની "આમુ" અથવા "ઓકસસ" નદી સાથ સરખાવે છે, જે માનવા જોગ છે.

આંવા અર્દવીસૂર યજદ.

ઉપર જણાવ્યું તેમ "અર્દવીસૂર" નદીનું નામ છે તેમજ એક નારી ફિરેશ્તાનું * નામ છે, જે તમામ મોરાદોને બર લાવનાર તથા મુસ્કેલી દૂર કરનાર કેહેવાય છે, જેથી ફત્તેહની બાબતમાં

---

* સઘલી નદીઓને નારીનું રૂપ આપવામાં આવ્યું છે. (જુઓ પ્રોફેસર દાર્મસ્ટેટેરનું ફ્રેન્ચ ભાષામાં છાપેલું પુસ્તક "અહુરમજ્દ અને અહેરેમન" ફ૦ ૩૨).

કે ઓલાદની ખાહેશની બાબતમાં અર્દવીસૂરની યજશ્નને કરવાથી મોરાદ બર આવે છે. આવાં યશ્તમાં તેનો નીચે જણાવ્યા પ્રમાણે ચીતાર આપ્યો છે:—

"તેણી એક કુમારિકા, શરીરે ખુબસુરત, મજબુત બાંધાની, ઉંચા કદની, ભારી કમરબંધ સાથની, પાક, ઊંચા ખાનદાનથી ઉતરેલી, ઘુંટી સુધીના બુટ્ટોવાળી, તમામ જવાહેરથી શણગારેલી, ગુલાબી રંગની, મદદે પોહોંચનારી છે. તેણી વીંધેલા કાનમાં સોનેરી ચોકડાં પેહેરે છે, અને પોતાની ગોરી ગરદનપર સોનેરી સાંકળી રાખે છે. તેણી માથાપર સોનેરી તાજ ૧૦૦ તારાઓથી મઢેલું રાખે છે." (આવાં યશ્ત ફ૦ ૭૮, ૧૨૬,૧૨૭, તથા ૧૨૮.)

"આહાતામચાના હા"માં તેમજ યજશ્નેના ૬૫)માં હાના ફ૦ ૬ થી ૧૪માં એવું લખાણ મળે છે કે, જે અશો લોકોએ તેણીની આરાધના કીધી હતી તેઓને અહુરમજદે વખાણ્યા છે; તથા પાપીઓને એવી રીતની કદુવા દીધી છે કે 'તેઓ અર્દવીસૂરના પાણીનો ફાયદો મેળવનારા ન થાય.' અને તે પ્રમાણે અમલ થયલો આંવાં યશ્ત પરથી સાબેત થાય છે; કારણ કે કેટલાક નેક પાદશાહોએ તેમજ પેહેલવાનોએ તેણીની આરાધના કીધી, જેથી અર્દવીસૂરે તેઓપર પ્રસન્ન થઇ તેઓની મોરાદ પાર પાડી,*

---

* નીચે જણાવેલા પાદશાહ પેહેલવાનોના તથા અશો પુરૂષોની મોરાદો અર્દવીસૂરે પાર પાડી:-

પાદશાહો—હુશંગ (કરદો ૬ઠો); જમશેદ (કરદો ૭મો); ફરેદુન ક૦ ૯મો); કએઊસ (ક૦ ૧૨મો); કૈખોશરો (ક૦ ૧૩મો); ગોશતાસ્પ (ક૦ ૨૫મો); **પેહેલવાનો**-કેરસાસ્પ (ક૦ ૧૦મો); તુસ (ક૦ ૧૪મો); વફ્રનવાજ (ક૦ ૧૬મો); અશાવજદાહ તથા થ્રિત સાયુજદિના છોકરાઓ (ક૦ ૧૮મો); વિસતઉર (ક૦ ૧૯મો); ગોરત ફ્રીઆન (ક૦ ૨૦મો); હવોવા તથા નઓતર (ક૦ ૨૨મો); જરીર, જે ગુશતાસ્પનો ભાઈ (ક૦ ૨૬મો); તથા જામાસ્પ હકીમ (ક૦ ૧૭મો); અશો જરથોશ્ત (ક૦ ૨૪મો); પાક દાદાર અહુરમજદ પોતે (ક૦ ૫મો.)

નીચે જણાવેલાઓની મુરાદ પાર પડી નહી:—☞

જ્યારે કેટલાક બુરાઓએ તેણીને આરાધી તોય તેઓને ફાયદો મળ્યો નહીં.

અર્દવીસૂરની નીઆયશ કે યશ્ત ખોરશેદની રોશનીમાં કરવી લાયક છે, કારણ કે રાત્રે તેણીને ઇજનારની બંદગી તેણી કબુલ રાખતી નથી.

* વેહેદાઇતી—અવસ્તા "દાઈત્ય"; પેહેલવી "દાઇતીક"; ઇરાન વેજમાં આવેલી જણાવી છે. (જુઓ બૂનદેહેશ પ૦ ૨૦, ફ૦ ૧૩,). પ્રો૦ યુસ્તી પ્રમાણે એ ગોર્ગસ્તાન પાહાડમાંથી વેહેતી હતી. વળી બૂનદેહેશમાં (પ૦ ૨૪માના ફકરા ૧૪ માં) એને "મુખ્યો ઝરો" કરી કહે છે. એમાં મુંજી જાનવરો ઘણાં હતાં. બૂનદેહેશમાં "સ્પેદ"નદી જણાવે છે તે કદાચ એજ હોય. જ્યારે હેરેમને બૂઇતિ નામના દેવને જરથોશ્તને મારી નાંખવા મોકલ્યો ત્યારે જરથોશ્તે આ નદીને યાદ કીધી. (વંદીદાદ, પરગ૦ ૧૯, ફ૦ ૨).

† રંઘૂહા—વખણાયલી એક મોટી નદી. જરથોશ્ત સાહેબે ગુશતાસ્પ પાદશાહને દુવા ચાહી હતી કે "અપાર રંઘહા નદીને પોહોંચનારો તું થજે."

પેદવએપા—રંઘૂહા નદીની સાખા (આંવાંયશ્ત ફ૦ ૮૧).

જુહાક પાદશાહ (ક૦ ૮મો); અફ્રાસીઆબ પાદશાહ (ક૦ ૧૧મો); વએસકયના છોકરાઓ (ક૦ ૧૫મો); અરજાસ્પ પેહલવાન (ક૦ ૨૭મો).

ઉપર ટાંકેલા કરદાઓ પરથી માલમ પડશે કે આંવાં યશ્તનાં ૩૦) કરદા માંથી કરદો ૨૧ મો તથા ૨૩મો બાદ કરતાં કરદા ૫)થી ૨૭) સુધી કોણુ કોણે અર્દવીસૂરની યજશ્ને કીધી, તેઓએ શું શું મોરાદો માગી તેને લગતું વર્ણન યાને આંવાંયશ્તનો સારાંશ શું છે તે જણાઇ આવે છે.

* જુદા જુદા વિદ્વાનો એને જુદા જુદા નામોથી ઓળખે છે; ડોકટર ગાઈગર "જરફશાન" (Zarafshan); પ્રોફેસર યુસ્તિ તથા પ્રોફેસર દાર્મસ્ટેટે "એરેક્ષીસ" (Araxes). ગાઇગરના નકશા તરફ નજર કરતાં માલમ પડે છે કે હાલના શેહેરો "સમરકંદ" અને "બોખારા"ની નજદીકમાં એ નદી આવેલી હતી.

† ફારસી "સીરદરિયા" પેહેલવી "ખોજન્દ." પ્રોફેસર યુસ્તી, પ્રો૦ સ્પીગલ તથા ડોકટર ગાઈગર એને "જેગઝાર્તીસ" (Jaxartes) ધારે છે, ત્યારે પ્રો૦ હાર્લે એને "ઓક્સસ"(Oxus) તરીકે ઓળખે છે. કેટલાકે એને Araxes ધારે છે. પેહેલી માનવા જોગ છે.

* દરેજ—પેહેલવી "દરજીક" જીહે અવસ્તાની "દાઇત્ય" સોગદીઆનામાં આવેલી હતી. એ નદીને કિનારે જરથોશ્તનાં બાપ પોઉરૂશસ્પનું ઘેર આવેલું હતું, જે ઘેરમાં જરથોશ્ત જન્મ્યો હતો (વંદી૦ ૫રગ૦ ૧૯, ફ૦ ૪).

† કાંસુ—આ નદીના પૂર્વ તરફના ભાગમાંથી એરેડતફદ્રીને પેટે સોસીયોશ પેગંમબર જનમશે (વંદી૦ ૫રગ૦ ૧૯, ફ૦ ૫). જુઓ "કાંસવ" સરોવર વિષે.

ફ્રાટ—હાલની "યૂફ્રેટીસ" (Euphrates).

‡ અરવન્દ—અવસ્તા "અઉરવન્દ" યાને "દોડતી ચાલની." કદાચ અવસ્તાની "રંઘહા." એના વિષે તથા "અરંગ" નદી વિષે જુઓ બૂનદેહેશ મ૦ ૨૦; પેહેલવી બહમન યશ્ત મ૦ ૩, ફ૦ ૨૧ તથા ૩૮.

ચત્રુમીઆન—કંગદેજમાં એક નદી (જુઓ પે૦ દાદેસ્તાને દીનીનો ડોકટર વેસ્ટનો તર્જુમો પાનું ૨૫૭ તથા બુનદે૦ મ૦ ૨૦, ફ૦ ૩૧). પેશોતનની જન્મભૂમી આ નદીના કાંઠે હતી.

§ નાઇવતાક—અથવા નાવદા.

પેહેલવી કેતાબોમાંથી નીચે જણાવેલી નદીઓના નામો મળે છે, જેમાંની કેટલીક માત્ર ઉપર જણાવેલી નદીઓ પણ તેઓના પેહેલવી નામોમાં મળે છે:—

---

* જબાર નામના પાહાડમાંથી વેહેતી જણાવેલી છે. પ્રો૦ દાર્મસ્ટેટે એને "સેસુલાન" પાહાડમાંથી નિકળી "વેહેદાઇતી" નદીમાં પડતી જણાવે છે.

† હાલમાં એ "હલાએ રૂદ"ના ફારસી નામથી ઓળખાય છે. હાલની Hilmend નદી હોય.

‡ હાલની "તાઈગ્રિસ" (Tigris) અથવા Hiddekel.

§ ડાકટર વેસ્ટ એને નદી ધારે છે; પણ પેહેલવીમાં આ માત્ર વિશેષણ છે, જેનો અર્થ "વાહાણ ફરી શકે એવડી મોટી" (Navigable) એવો થાય છે.

અરંગ[1]-નીવ[2]-વેહે[3]-દીગલાટ[4]-આમુ[5]-અરસ[6]-કુર[7]-દરગામ[8]-જોનડક[9]-હરોઇ[10]-મર્વ[11]-હીતુમન્દ[12]-અખોશીર[13]-નાવદા[14]-ખ્વોજન્દ[15]-જીહુન[16]-મેહેરવા[17]-સ્પીદ[18]-રાદ[19]-પવરઇ[20]-.

બીજી અપખ્યાત નદીઓ નીચે મુજબ છે:—

જીશમન્દ-બોહ્ખ-હરહાજ-તેરેમીત-ખ્વનઇદિસ-દારજા-કાસ્તક-સેદ-પીદામીઆન-તથા રંઘહા નદીની બે હોજો (basins) અઓધાસ અને સનક. "બેદામીર" તથા "પુલ વાર" પર્સીપોલીસ આગલ આવેલી પાછલા વખતમાં જણાયલી ઇરાની તવારીખોમાંથી મળે છે.

---

૧ અવસ્તાની "રંઘહા" સોગદીઆનામાં; અલબુર્ઝ પાહાડમાંથી ઇરાનના પશ્ચિમે વેહેતી હતી (બુનદેહેશ, પ્ર૦ ૨૪, ફ૦ ૨૬; તથા પ્ર૦ ૨૦. ફ૦ ૮). કેટલાકો એને Araxes ધારે છે. ૨ હાલની Nile. ૩ અથવા "મેહેરા" (બુનદેહેશ, પ્ર૦ ૭, ફ૦ ૧૫ તથા પે૦ બહુમનયશ્ત ફ૦ ૧૭). ઇરાનની પૂર્વે વેહેતી હતી. હાલની Indus હોય. ૪ અથવા "દીદગર" (અરેબીક "દેજલે" અથવા "દીજલત") હાલની Tigris, જુઓ આગલ જણાવેલી "અરવન્દ". ૫ હાલની Oxus (જુઓ આગલ જણાવેલી "અર્દવિસુર".) ૬ હાલની Araxes (જુઓ આગલ જણાવેલી "વેહેદાઇતી"). ૭ અથવા "કારૂન;" હાલની Cyrus હોય. ૮ Sûde (સોગદીઆના)માં આવેલી કહેવાયલી છે. ૯ પનજીસ્તાનના પાહાડમાંથી ફુટી "હરો" "હરી" નદીને મળતી હતી. ૧૦ હાલની "હરી." હેરાતથી આગલ અપાર્સીન પરવતોની હારમાંથી વેહે છે. ૧૧ અવસ્તા "મોઉરૂ." કેટલાકો એને હાલની "મુરગાબ" ધારે છે. ૧૨ અપાર્સીન પાહાડમાંથી સજેસ્તાનમાં વેહેછે તથા કાંમુ સગેવરમાં પડે છે. હાલની Hilmend. ૧૩ કુમીસમાં આવેલી છે. ૧૪ અથવા "નાઇવતાક." જુઓ પાનું ૪૧ મું. ૧૫ હાલની Jaxartes. જુઓ આગલ જણાવેલી "રંઘહા". ૧૬ હાલની Oxus માટેનું ફારસી નામ, જુઓ આગલ જણાવેલી "આમુ" તથા "અર્દવિસુર." ૧૭ અથવા "હિન્દવા." જુઓ આગલ જણાવેલી "વેહે." ૧૮ હાલની "સફીદ રૂદ". ૧૯ અથવા "કોહાર." ૨૦ અથવા "મેસ્રગાંન."

સરોવરો.

અવસ્તા-"વરચો" ([illegible]) પેહેલવી "વરીહા" ([illegible]).

* ચએચસ્ત્—એ સરોવર આદરબએજાનમાં આવેલું કહેવાયલું છે. એમાં મછી રહી શકતી ન હતી, કારણ કે તેના પાણીઓ ગરમ રહેતાં હતાં; (બુનદેહેશ પ્ર૦ ૨૨, ફ૦ ૨); પણ એ સરોવરનાં પાણી દવાના ગુણો ધરાવતાં હતાં. આ સરોવરપર આદરગોશસ્પ નામના આતશનું મકાન હતું. (પેહેલવી બહમન યશ્ત, મેક્ષમુલરનું વોલ્યુમ ૫ મું, પાનું ૨૧૮). દેવો આ સરોવરથી દૂરના દૂર રહેતા. એનાં પાણી ખારાં હતાં. કૈખોશરોએ અફ્રાસીઆબને અહીં માર્યો હતો. (અષિશવંઘ્ યશ્ત્ ફ૦ ૩૮, ૪૧, ૪૨; ગોશ યશ્ત ફ૦ ૨૧) તથા ૨૨).

† કાંસવ—આ એક સરોવર તેમજ નદીનું‡ નામ છે. (જુઓ "કાસુ" નદી વિષેનું વર્ણન આ રેસાલાના પાને૪૧મે). આ સરોવર ઉંડું હતું તથા તેના પાણી ખારાં હતાં.

‡ ફ્જ઼દાન—આ સરોવર આગલ ગોશતાસ્પ પાદશાહે અર્દ-

---

* યુરોપીઅન વિદ્વાનો તથા યાકુત નામનો અરબી ગ્રંથકાર એને હાલના "ઊરૂમીઆ" સરોવર (Lake Urumiah) સાથ સરખાવેછે. કેટલાક આગલના વખતના દસ્તુરો "ચએચશ્ત" ને ભુલથી એક ગુફા તરીકે સમજેલા માલમ પડે છે; તે ભુલનું કારણ એ છે કે અવસ્તામાં "સરોવર" ને "વઇરિ" ([illegible]) કહેછે અને પેહેલવીમાં "વર" ([illegible]) એટલે "ગુફા" થાયછે; જે બન્ને શબ્દો એકમેકને મળતા આવવાના સબબથી એ ભુલ થયલી હોવી જોઇએ (જુઓ આંવાં યશ્ત ફ૦ ૪૯, ગોશ યશ્ત ફ૦ ૧૮, અષિશવંઘ યશ્ત ફ૦ ૩૮).

† જુઓ જમ્યાદ યશ્ત ફ૦ ૬૬. યુરોપીઅન વિદ્વાનો એને સીસતાનમાં આવેલા "ઝારા" (zarah) અથવા "હમૂન સમૂદ્ર" (Hamun Sea) સાથ સરખાવેછે.

‡ [illegible] સજેસ્તાનમાં આવેલો જણાવ્યો છે. પ્રો૦ યુસ્તિના મત પ્રમાણે એ સરોવર ગજ઼ની દક્ષિણે આવેલો "આબે ઇસ્તાદે" آب ایستاده હોવો જોઇએ.

વીશુરની બંદગી કીધી. એ સીસ્તાનમાં આવેલો હતો (બુન-દેહેશ પ૦ ૨૨, ફ૦ ૫). રેસ્તાખેજના વખતની સેહેજ અગાઉ આપણા હોશદરબામી પેગમ્બરનો જન્મ આ સરોવર આગલ થશે (જુઓ પેહેલવી બહમન યશ્ત ફ૦ ૧૩).

બાજઈવાન—અથવા "વાન" (Van) અથવા "સવાન" (Sevan) (જુઓ બુનદેહશ પ૦ ૨૪, ફ૦ ૨૩, તથા તેની નોંધ).

આસવસ્ત—[illegible] • આ સરોવરનું પાણી ચળકાટ-ભરેલું જણાવ્યું છે. રસ્તાખેજની વખતે એનાં પાણીથી મુવેલાંઓ પાછાં સજીવન થશે.

બીજા સરોવરના નામો નીચે પ્રમાણે છેઃ—

[1]સોવબર—[2]ખ્વારિઝમ્—[4]જરિનમન્દ—[5]હુસૂરૂ.[6]સતવીશ—[7]ઉરવિસ—[8]પદશખ્વાગર. (જુઓ બુનદેહેશ પ૦ ૨૨).

---

૧ [illegible] તુસ પાહાડ પર આવેલો જણાયો છે. ૨ [illegible] હાલનો "એરલ સમુદ્ર" (Arel Sea). ૪ [illegible] હાલનો "ખારો સમૂદ્ર" (Salt Lake). ૫ [illegible]. "ચએચસ્ત" સરોવરથી ૧૦) ફરસંગ દૂર આવેલો સરોવર. ૬ "વોઉરૂકશ" તથા "પૂતીક" દરિયાઓ વચ્ચે આવેલો સરોવર. ૭ [illegible]; કુકર પહાડપર આવેલો હતો. ૮ એ નામનો સરોવર તથા પાહાડ "કેસ્પીઅન સમુદ્ર" ની દક્ષિણે આવેલો છે (બુનદેહેશ, પ૦ ૧૨, ફ૦ ૧૭).

બાબત બીજી.

જ઼મીન.

અવસ્તા-જ઼ેમ્ (૬૬૬); પેહેલવી જ઼ેમ્ તથા જ઼મીક (૬૯-૭૨-૮).

"સ્પેન્તામ્ વંઘૂઉહીમ્ આર્મઇતીમ્ યજ઼મઇદે; રાતાંમ્ વંઘૂઉહીમ્ વોઉરૂ-દોઇથ્રાંમ્ મજ઼દ ધાતાંમ્ અષઓનીમ્ યજ઼મઇદે."

અર્થ.

"ભલી સ્પન્દારમતને અમો વખાણીયે છિયે; (જેણી) ભલી બક્ષિસો આપનાર, મોટી નજ઼રવાળી, (અહુર)મજ઼દની પેદા કીધેલી, અશો (છે તે)ને અમો વખાણીએ છિયે."

ઉપર ટાંકી બતાવેલા અવસ્તા ઘણાકોને મોઢે હશે. તેના અર્થમાં જે ગુણો જણાવ્યા છે તે જ઼મીનને તેમજ સ્પન્દારમત્ અમશાંસપંદને વાજબી રીતે લાગુ પાડવામાં આવ્યા છે. ખરેજ તેણી આપણને પેટ પુરતો ખોરાક, પોશાક, જ઼ર જ઼વાહેર, તથા બીજી અનેક બક્ષિસો આપે છે યાને સર્વે ચીજની જે જે સગવડો આપણને મળે છે તે તેણીના પેટમાંથી મળે છે; તથા તેણી ઉદ્યોગીને તે સર્વે ચીજો બક્ષવામાં બખીલાઇ કરતી નથી. જેમ "અર્દવીસુર" વિષે આપણે જોયું કે તે એક નદીનું નામ છે, તેમજ નારી ફિરેશ્તાનું નામ છે; તેજ પ્રમાણે "સ્પન્દારમત્" તે પૃથ્વિ યા જ઼મીન છે, તેમજ જ઼મીનપર મવકળ અમશાસપંદ છે, જે નારી જાતીનો ફિરેશ્તો છે.

"બાબત પેહેલી"માં આપણે પાણીની અગત્યતા જોઇ, તેને પવિત્ર રાખવાના કારણો તપાસ્યાં, તેના ઉત્તમ ગુણોની વખાણો ગાઈ. અગત્યતા, પવિત્રાઈ તથા ઉત્તમ ગુણોમાં જ઼મીન કોઈ પણ પ્રકારે પાણીથી ઉતરતી નથી. એટલા માટે એક વખત પાણીની બાબત સારી રીતે રજુ કીધા પછી જ઼મીનને માટે એક સરખું પીંજન કરવામાં સાર રહ્યો નથી. તોપણ એટલું તો જાણવા જોગ છે કે જ઼મીન સુકી છે, પાક છે, અને જેટલી ઝડપથી પાણી નજીસાતથી અપવિત્ર થાય છે, તેટલી ઝડપથી જ઼મીન અપવિત્ર થતી નથી; અને તેજ પ્રમાણે પાણી કરતાં જ઼મીન વધારે સેહેલાઇથી પવિત્ર થઇ શકે છે.

જ઼મીનની વખાણો.

"દુનિયા બેવફા છે" એવો દોષ આ ધરતીપર મુકવામાં આવે છે, તે પૃથ્વીને ન છાજતો છે. એતો તેપર વસનારા લોકોના ડામાડોળપણાને લાગુ પડે છે. બાકી જ઼મીન તો જે હતી તેજ છે અને સેવટ સુધી રેહેશે. અવસ્તા પ્રમાણે જ઼મીન "બરદાશ્ત કરનારી * માએ" છે, જેણી જેટલી સહન શકિત ધરાવે છે તેટલી કોઈ માએ ધરાવતી ન હશે. એના પેટાપર આપણે ચાલ્યે છિયે, દોડીએ છિયે, નજીસાત નાંખ્યે છિયે, તોય તેણીજ આપણું † પોષણ કરે છે તથા આપણી સગવડો માટેની ચીજો બક્ષે છે. જ઼મીનને જો ખેડવામાં આવી હોય, કે સાફ રાખવામાં આવી હોય, કે નાપાક જાનવરોથી મોકલી રાખી હોય, તો તે આપણને દુવા દે છે, તથા ધંધા રોજ઼ગારમાં બરખત આપે છે. તેમ જો ન કરવામાં આવે તો તે કદુવા દે છે જેથી રોજ઼ગારમાં હરખત થાય છે. બીછાનેથી ઉઠયા પેહેલાં તેમજ બીછાને જતી વખતે જ઼મીનને નમન કરવું એ આપણી ફરજ છે. આપણું તન ખાકી છે, જેથી તનમાંથી જીવ ગયા પછી મટી સાથે મટી મળી જશે, જ્યારે આપણો જીવ તો માત્ર પહેરોણા તરીકે છે; એટલા માટે આપણી ફરજ છે કે આપણી મેહેમાન (જ઼મીન)ને નીરાશ કરવી નહીં. ગયોમર્દ જે આ જેહાનમાં પેહેલો આદમ પેદા પડયો હતો તેને માટે એમ કેહેવાય છે કે તેનો બાપ અહુરમજ઼દ તથા તેની

ધર્તી આપણી માતા છે.

* "ઓ પવિત્ર હોમ ! તારી બરદાસ્ત કરનારી માએ કે જે મોટા વિસ્તારવાળી, પોહોલી, ફળદ્રુપ જમીન છે તેને વખાણું છુ" એટલે હોમનું ઝાડ જમીનમાંથી ઉગે છે તેટલા માટે જમીનને તેની માએ તરીકે ગણી છે. (હોમ યશ્ત કરદો બીજો; યજ઼શ્ને હા ૧૦, ફકરો ૪).

† "આ જ઼મીન જે આપણું પોષણ કરે છે તેને નારી જાતીના બીજા ફિરેશ્તાઓ સાથ અમો યાદ કરીએ છિયે," (હફતંનયશ્ત, કરદો ચોથો, યજ઼શ્ને હા૦ ૩૮, ફકરો ૧ લો).

માવતર * જમીન હતી. આપણે ઉઘાડે માથે કે ઉઘાડે પગે બોલતા નથી કે ચાલતા નથી તથા ઉભા રહી પીશાબ કરતા નથી, તેમાં બે મકસદો સમાયલી છે; એકતો એ કે ઉપર જણાવેલા ફરમાન મુજબ ન ચાલવાથી આપણી તનદરોસ્તીને નુકસાન થાય છે; બીજી તો એ કે ધરતી માતાસમાન હોવાને લીધે તેની તરફ એક માન તરીકે તેમ આપણે કરતા નથી. અવસ્તા જમીન માટે નીચે જણાવ્યા પ્રમાણે તારીફના સખુનો કહે છેઃ—

"(દાદાર) અહુરમજદે સર્વેથી વધારે અશો જરથોશતને કહયું કે 'હું જે અહુરમજદ (સર્વ) ચીજોનો બક્ષનાર (તેણે) આ મુકામ (યા દુનિયા) ને સોહામણી, રોશાણીવાળી, (તથા) ખુબસુરત પેદા કીધી'". (વંદી૦ પરગ૦ ૨૨, ફ૦ ૧, ૮, ૧૪) જમીનની તારીફમાં વંદીદાદની ૨૧મી પરગ૦ કે બાજે ઠેકાણે કહે છે કે તે "વૃધ્ધી કરનારી, સારી પેદાશવાળી, આબાદી આપનારી, (અને) અશો લોકને બખ્તની આપનારી (છે)." ફરવરદીન યશતના ફકરા ૯માં અને ૧૦ માં અહુરમજદ જમીન માટેના તારીફના સખુનો એ પ્રમાણે કહે છે કે "ફરોહરોના નૂર અને દબદબાને લીધે હું (અહુરમજદ) મારી પેદા કીધેલી મોટી, બોહોળી, પૂર જયો ધરાવનારી (ધરતી) માતા, જે આખી હાડમંદ દુનિયા છે તથા મુવેલાંઓને તથા જીવતાંઓને માટે પુષ્કળ ઘાસ ચારાવાલા અને પૂરતાં પાણીવાલા પાહાડો ધરાવેછે, તેણીને ટેકવી રાખુંછું; જે જમીન ઉપર વેહેતા પાણીઓ દોડે છે તથા માણુસ તથા પશુ–ઢોરોના પોષણ માટે ઝાડપાનો ઉગેછે." પોતાની સપાટીપરથી દરદો, રોગો વગેરેનો નાશ થયલો જોવાની આતુરતામાં તેણી માંથ† (એટલે જે અવસ્તા જમાનામાં જાહેર

---

* આ વિચારને આબેહુબ મળતો વિચાર હિન્દુઓનું શાસ્ત્ર પણ બતાવે છે, જેમા પૃથ્વીને વિષ્ણુની બાયડી તરીકે જણાવી છે.

† "માંથ્ર સ્પેન્ત"ના કલામોની ખુબી વિષે જુઓ "અથોરનાન, પેહેલવાન, ખેડુત તથા કારીગર" પર લખેલો અને છપાવેલો મારો આગલો રેસાલો, પાનાં ૧૦, ૧૧, ૧૨ તથા ૬૮, ૬૯, ૭૦.

થયલા દુ:ખ દરદોને દફે કરનાર તથા જાદુઈ તોડનાર ભેદભરેલા અસરકારક મન્ત્રો હતા તેને) અરજ કરેછે કે " ઓ માંથ્ર સ્પેન્ત! જો તું મારા તમામ દરદો દફે કરશે તો, હું સારી, ભલી દુવાથી, પ્યારી ભલી દુવાથી તારી આફ્રીન કરશ." (વંદીદાદ ૫રગ૦ ૨૨, ફ૦ ૫).

જમીનનો ખોરશેદ સાથનો સંબંધ.

જ્યારે પાણીની બાબતમાં પાણીનો ખોરશેદ સાથનો સંબંધ દેખડાવ્યો છે અને તેમાં બતાવ્યું છે કે ખોરશેદના તાપથી જમીન ઉપરની તમામ નજીસાત, જે પ્રવાહી રૂપમાં રાતની વખતે વધી જાય છે, તે બળી જાય છે, અને એ રીતે અપવિત્રાઈ દૂર થાય છે; ત્યારે જમીનના ખોરશેદ સાથના સંબંધ વિષે સમજવું સેહેલ થઈ પડશે. "ખોરશેદ નીઆયશ"નો પઢનાર ખોરશેદની રોશણીને નીચે જણાવ્યા પ્રમાણે આવકાર દે છે:—

"આઅત્ યત્ હ્વરે-રઓખ્શ્ન તાપયેઇતિ, આઅત્ યત્ હ્વરે-રઓચો તાપયેઇતિ, હિશ્તન્તિ મઇન્યવાઓંઘ્હો યજતાઓંઘ્હો, સતેમ્ચ, હજંઘ્રેમ્ચ, તત્ ખરેનો હમબારયેઇન્તિ, તત્ ખરેનો નિપારયેઇન્તિ, તત્ ખરેનો બક્ષેન્તિ જમ્ પઇત અહુર-ધાતાંમ્.'

અર્થ.

"જ્યારે ખોરશેદની રોશણી તપે છે, જ્યારે ખોરશેદનો પ્રકાશ દીપે છે, (ત્યારે) મીનોઇ યજદો, સો ઘણા, *હજાર ઘણા, ઉભા રહે છે, તે રોશણીને એકઠી કરે છે, તે રોશણીને ફેલાવે છે, અને અહુર(મજદ)ની પેદા કીધેલી જમીન ઉપર તે રોશણી બક્ષે છે."

---

* એમાં "સો ઘણા," "હજાર ઘણા" યજદો ક્યાંથી આવ્યા એવો સવાલ ગુંચવણ પેદા કરે ખરો; પણ એટલા બધા ખોરશેદના કિરણો કે ફ્રોહરોને યજદો તરીકે લેખીએ તો સમજવું સેહેલ થઈ પડે છે. તોપણ ખોરશેદના કામમાં મુખ્ય મદદગાર યજદો મેહેર, રામ, વયુ વગેરે છે; એ ઉપરાંત હવામાં ઘણીક બારીક હવાઈ પદારથો છે જેઓની મારફતે ખોરશેદની રોશણીનું પોહોંચવું થાય છે.

આ રોશની ફેલાવવાનું કારણ એ છે કે "જ્યારે ખોરશેદ ઉગે છે, ત્યારે અહુર(મજદ)ની પેદા કીધેલી જમીન પાક થાય છે." (આઅત્ યત્ હ્વરે ઉજ્જુખ્શ્યેઈતિ, બ્વત્ જમ્ અહુરધાતાંમ્ યઓજદાથ્રેમ્). એટલા માટે ખોરશેદની રોશની જમીનને ઘણી જરૂરની છે. જે મકાનપર, કે જે જગાપર ખોરશેદની રોશની ન પડતી હોય તે સદાની અપવિત્ર છે; તથા રોગ ઉત્પન્ન કરનારી તે થઈ પડવાના સંજોગો ઘણા છે. * જે મુખ્ય અપવિત્રાઇ માટે અવસ્તા લાંબુ વિવેચન કરે છે તથા ખોરશેદની રોશનીની હાજરી માંગે છે, તે નસાને લગતી અપવિત્રાઇ માટે છે.

જમીન અને નસો.

પાણીમાં પડેલો નસો જેટલો જલદીથી કોહોવાટ પકડેછે તેટલો જમીનપર પડેલો નસો પકડતો નથી, ઓર તે ખોરશેદના સખ્ત તાપથી રફ્તે રફ્તે સુકાતો જાયછે. એટલા માટે જરથોશ્તીઓના મુવેલા બદનને વસ્તીથી વેગળે ઉંચી † જગાપર ખોલ્લાં મુંકવામાં આંવેછે, જેપર ખોરશેદનો તાપ પડેછે, તે રીત મુડદાંનો નિકાલ લાવવાની સરસમાં સરસ યુક્તિ છે, જેને પરકોમના ઉંડી સમજ ધરાવનારાઓ પણ પસંદ કરેછે. ‡ વળી જરથોશ્તીઓના મુવેલાં બદનોના હાડકાં એકમેક સાથ મળેછે તે બતાવે છે કે જરથોશ્તીઓ મુવેલાંઓના હાડકાઓ સાથ

જરથોશ્તીઓનાં મુડદાંઓનો નિકાલ લાવવાની ચઢીયાતી રીત.

---

* જુઓ આ રેસાલાના પાનાં ૨૨ તથા ૨૩.

† આવી જગાને આપણે "દખ્મું" કહીએ છીએ તે ભુલ ભરેલું છે. દખ્માનો ખરો અર્થ તો "કબર" યા "ઉપરથી બાંધી લીધેલી જગા" થાયછે, જ્યારે આપણી જગો તો ખોલ્લી છે, તથા ક્રિયા ક્રામની મદદથી બાંધી લીધેલી હોયછે, જેથી દેવોનો દોર ત્યાં હોતો નથી અને રૂવાનને ઇજા પોહોંચતી નથી.

‡ બહાર ગામનાં જરથોશ્તીઓ દોખ્માંની ગેરહાજરીમાં જંગલમાં વાડ ભરેલી જગાપર મુવેલાં બદનને મુંકે તો તે દાટવા કરતાં હજાર મરતબે સારૂં છે, બલકે જરથોશ્તી દીનના ફરમાન મુંજબ છે.

મેળાવવાને સુગાતા નથી. હિન્દુઓ તો મુડદાં બાળીને નિકાલ લાવેછે, પણ "આતશ"–જે એક સુંદર દેખાવની રોશની ધરાવનારી, નૂર ધરાવનારી ચીજ છે, જેને આપણે સદા માનની નજરથી જોઇએ છિયે–તેપર કોઇપણ બદબોવાળી ચીજ બાળ્યાથી નાખુશ થાયછે. ત્યારે હવે મુડદાંનો રસ્તો કરવાની ત્રીજી રીત દાટવાની રહી. અવસ્તા આ કામ તરફ *ધિક્કારની નજરથી જોયછે, જેનું મુખ્ય અને દેખીતું કારણ એ છે કે મુડદાં યા નસાને દાટયાથી તે નસો સડેછે (is decomposed), વાસ મારેછે, તથા તેમાંથી હજારો કીડાઓ ઉત્પન્ન થાયછે, જેઓ તે નસાને લાંબો વખત સુધી ખાયછે. જમીનના પેટામાં એટલો બધો આજાબ સ્પન્દાર્મદ્ કેમ ખમી શકે ? એક તો તેમાંથી રોગ ઉત્પન્ન થવાનું કારણ અને બીજું તો હેરમનની પેદાયશ (કીડાઓ)નું વધવું.

દેવો તે કોણ ?
દેવો ક્યાં છે ?

પુછયું અશો જરથોશ્તે દાદાર અહુરમજદને કે "ઓ હાડમંદ દુનિયાને પેદા કરનાર અશો (અહુરમજદ) ! દેવ કયાં છે ? દેવને ઇજનારો કયાં છે ? દેવોનું સાથે દોડવું કયાં છે ? દેવોનું સાથે મળવું કયાં છે (યાને દેવો કયાં એકઠા મળે છે)? પચાસથી સો ઘણા, સોથી હજાર ઘણા, હજારથી દશહજાર ઘણા અને દશ હજારથી બે સુમાર દેવો કયાં સાથે દોડે છે ?" ત્યારે જવાબ આપ્યો તે કિરતારે કે "ઓ સ્પેતમન જરથોશ્ત ! આ કબરો જે જમીન ઉપર ઉંચી બાંધેલી છે તેમાં છે, જે કબરોમાં મુવેલાંઓને મુકવામાં આવે છે ત્યા દેવ રહે છે, (મુવેલાંઓને કબરમાં મુકનારો) ત્યાં દેવને ઇજનારો છે, ત્યાં દેવોનું સાથે દોડવું છે, ત્યા દેવોનું સાથે મળવું છે; ત્યાં ૫૦ થી ૧૦૦ ઘણા, ૧૦૦થી ૧૦૦૦ ઘણા, ૧૦૦૦ થી ૧૦૦૦૦ ઘણા, ૧૦૦૦૦ થી બેસુમાર દેવોનું સાથે દોડવું છે. ઓ સ્પેતમાન જરથોશ્ત ! જે પ્રમાણે આ

---

* વંદીદાદનો એક સારો ભાગ નસાને લગતી અપવિત્રાઇ બાબેની ફિલસુફી સમજાવવા બાબે છે.

દુનિયામાં તમે માણસો સ્વાદીષ્ટ પકવાન તૈયાર કરો છો, તથા સ્વાદીષ્ટ ગોશ્ત ખાઓ છો, તે પ્રમાણે આ કબરોમાં દેવો (નસો) ખાય છે, ત્યાં તેઓ એક બીજા સાથ એશઆરામ કરે છે, કારણ કે જ્યાંસુધી તે કબરોમાંથી બદબો નિકળે છે, ત્યાંસુધી દેવોની તેમાં ખુશાલી છે. આ કબરોમાં ગલીચી, બીમારી, તાવ, નાપાકી, તાહાઢ સાથની તાવ, ધ્રુજરી વગેરેનો ઉપદ્રવ થાય છે તથા પુષ્કળ હાડકાં તથા બાલ એકઠાં થાય છે. ખોરશેદના અસ્ત પામવાના વખતથી તે કબરોમાં દેવો માણસોને નુકશાનકારક છે." * (વંદીદાદ ૫રગ૦ ૭ ફ૦ ૫૫ થી ૫૮).

ઉપર જણાવેલા દેવો માટેનો ઇસારો કીડાઓ તથા રોગો માટે વધારે અનુકુલ છે. જે બેસુમાર દેવો જણાવ્યા તે કીડાઓ છે અને તેઓ હેરમનની પેદાશ છે. અવસ્તામાં જણાવેલા દેવો† ના ઘણા અર્થો થઇ શકે છે.

---

* તનદરોસ્તીના ઇલાજોની બાબતમાં (in sanitary point of view) અવસ્તા (તેમાં મુખ્ય કરી વંદીદાદ) જેવું અજવાળું નાખે છે તેવું કોઈબી દીનની કેતાબોમાં હશે નહીં. હાલની શોધો જે અજવાળું નાખતી જાય છે, તે અવસ્તા જમાનામાં સારી રવેસ જાહેર હતી. જે રોગો, જે નજીસાત, જે મર્કી, બીમારી, તાવ વગેરે માટે ઉપર જણાવેલા ફકરાઓ ઇસારો કરે છે તે "તાઈફોઈડ ફીવર" નામની ઝેહેરી તાવ છે. હાલમાં પરકોમની જ્ઞાતનાં મુડદાંઓને શેહેરથી દૂર દાટવામાં આવે છે તે ઉપર જણાવેલી મર્કીની ધાસ્તીને લીધે છે. ઉપલા ફકરાઓ માત્ર મુડદાં દાટવાથી થતા ગેરફાયદાઓ દેખાડવા માટે બસ છે, તો જો કે એની સાબેતીઓમાં વંદીદાદમાં ઘણીક દલીલો રજુ કરવામાં આવી છે. જરથોસ્તીઓનાં તેટલામાટે મુડદાંઓનો કેવી રીતે નિકાલ કાઢવામાં આવે છે તે ઉપર હવે વિચાર કરવાનું વાંચનારનું કામ છે.

† અસલ શબ્દ "દએવ"નો ("દિવ"=પ્રકાશવું પરથી) સારી મતલબમાં અર્થ થતો હતો; પાછલથી તેનો અર્થ દોજખના ભીનોઇ દેવો, નિંદા કરનારાઓ, અદેખાઈ કરનારાઓ, બુરા નેહેસ્ત માણસો, દરદો ઉત્પન્ન કરનારા રોગો, નજીસાત વધારનારા કીડાઓ, આદમીની બદ ખસલતો, વગેરેને લાગુ પાડવામાં આવ્યો હતો. એ રીતે અવસ્તામાં 'દેવ' શબ્દ ભેદ ભરેલો છે તથા ૪ રીતના અર્થો ઉપડે છે. વધુ વિગત માટે જુઓ એરવદ કા૦ એ૦ કાંગાની "ખોરદેહ અવસ્તા" પાનું ૧૬ મું, નોંધ; તથા બી૦ ખ૦ ક૦ કામાનું જરથોસ્ત નામું, પાનાં ૧૬૫ થી ૧૬૯.

જમીનમાં દાટેલા નસા તરફ અવસ્તાનો એટલે બધો તિરસ્કાર બતાવવાનું કારણ ત્યારે એ છે કે જમીનની અંદરની લાસપર ખોરશેદનો તાપ પડી શકતો નથી, જેથી આગલ જણાવ્યું તેમ

અવસ્તાનો કબરો તરફનો તિરસ્કાર.

કીડાઓનો તથા રોગોનો ઉપદ્રવ વધી જાય છે. જેમ લાંબો વખત સુધી લાસ દટાયલી રહેછે તેમ અપવિત્રતાઇ વધે છે. જે જમીનમાં લાસ દાટવામાં આવી હોય તેવિષે અહુરમજ્દે અશો જરથોશતને કહ્યું કે "તે ૫૦) વરશે પાછી પાક થઇ શકે, પણ જો તેપર કબર બાંધી લીધામાં આવી હોય તો તેથીબી વધુ વખત લાગે, તે જ્યાંસુધી કે તે લાસ મટટી સાથે મળી જાય ત્યાંસુધી તે પાક થઇ શકતી નથી." (વંદી૦ ૫રગ૦ ૭, ફ૦ ૪૮ તથા ૫૦). અલબતાં કબરોમાં પથ્થરકામ તથા ચુનાકામ જાસ્તી હોવાને લીધે ખોરશેદનો તાપ લાસપર મુદલ પડી શકતો નથી, એટલાંમાટે અહુરમજ્દે અશો જરથોશતને સખત તાકીદ કીધી કે "ઓ સ્પેતમાન જરથોશ્ત ! હાડમંદ દુનિયાની આવી દરેક કબરને જમીનદોસ્ત કરી નાંખવાને તારા દીનદારોને તુંએ સખત તાકીદ કરવી જોઇએ છે. તે પ્રમાણે જે કોઇ શખ્સ અમલ કરે તે શખ્સે ગોયા પોતાના મન, વચન અને કરણીથી (યા હુમત, હુખ્ત, હવરશતથી) પોતાનાં ગુનાહો માટેની તોબ્જ્રની કીધા બરાબર છે. તેવા શખ્સને માટે બેહેશતનો દરવાજો ખુલ્લો છે. તેને નહીં સારી શકિત * કે નહીં બુરી શકિત અટકાવી શકશે." (ઉપલીજ ૫રગ૦ ફ૦ ૫૦ થી ૫૨). એ ઉપરથી ત્યારે એવું માલમ પડે છે કે જરથોસ્તી દીનની નજરમાં કબરોને જમીનદોસ્ત કરવી એ ઘણું સવાબનું કામ છે.†

* "સ્પેનામાનેઃ અને "ગનામીનો." હીંદુશાસ્ત્રમાં "વિષ્ણુ" અને "શીવ."

† પરજાતના રાજમાં જરથોશતીઓથી એમ થઇ શકે નહી; પણ જો જરથોસ્તીઓને હસ્તગત એવી જગા આવી હોય અને તેમ કરે તો તે લાયક છે.

જમીનની "અંદર" નસો ઘણોજ નુકસાનકારક છે એવું આપણે જોયું. જમીન "ઉપર" પડેલા નસા બાબે પણ જરથોશ્ત સાહેબને અહુરમજદ સાથ સવાલ જવાબ થયા, તેના ખુલાસામાં અહુરમજદે એવી મતલબનું કહ્યું કે, "દૈવજોગે કોઇ આદમીનું મુંવેલું તન નિકાલ વગર* એમનું એમ જો પડી રહયું હોય તો જે જગાપર તે મુડદું પડ્યું હોય તે જગા એક વરશ સુધી ઉપયોગમાં આવી શકે નહીં. તે હોકમ મજદયસ્નીઓ જો બજા ન લાવે તો તેઓ ઉપર 'નસો દાટવાનો ગુનાહ,' લાગુ પડે. આવી લાસપર જો ખોરશેદનો તાપ પડયો હોય તો એક વરશ પછી તે જગા પોતે પાક થઈ શકે છે." (વંદી૦ પરગ૦ ૬, ફ૦ ૨, ૩.)

જમીન ઉપર પડેલા નસા બાબે.

ખુશાળ અને નાખુશ જમીન.

કેટલાક કારણોથી જમીન ખુશી રહેછે અને કેટલાક કારણોથી તે નાખુશ રહેછે. જમીનને સાફ રાખવાથી, તેને ખેડવાથી, તથા તે માહેલાં ખ્રફસતરો (નાપાક જાનવરો)ના દરો ઉખેડી કાઢવાથી જમીન યા તેને લગતો ફિરેશ્તો ખુશાળ છે. કઈ કઇ જમીન ખુશાળ છે તે બાબે અશો જરથોશ્તથી પુછાયલા સવાલોના જવાબોમાં અહુરમજદે જે ખુલાસો કીધો તે એ મતલબનો હતો કે "પેહેલી તે જમીન ખુશાળ છે કે જેના ઉપર અશો પુરૂષ યજશ્નેની ક્રિયા કરતો હોય. બીજી તે છે કે જેના ઉપર અશો પુરૂષ પોતાનાં બચા છોકરાંઓ, ચાકરનફર, ગાય ઢોર સાથ સંસારી જીંદગી ગુજારતો હોય, તથા પોતાના મકાનમાં આતશ રોશન રાખતો હોય. ત્રીજી તે છે કે જેને ખેડવામાં આવતી હોય, તદન

ખુશાળ જમીન.

* અસલના વખતમાં ઈરાન દેશમાં રસ્તાઓ પાકી બાંધણીના ન હોવાને લીધે સખત શિયાળાની વખતે બરફમાંથી પસાર થવું મુસ્કેલ હતું, જેથી કોઈ નજદીકની સગવડવાલી જગાએ લાસને થોડોક વખત સુધી ખુલી રાખી મુકવી પડતી હતી.

સુકી હોય અને તેને પાણીથી સીપવામાં આવતી હોય, અને તદન ભીનાસથી તર હોય તેને સુકી કરવામાં આવતી હોય. ચોથી તે જમીન છે જેનાંપર પસુ-ઢોરો પૂષ્કળ જનમતાં હોય. પાંચમી તે છે કે જેનાંપર પસુ-ઢોરો ઘણું મુત્રે (કે છેડ નાંખે)*." (જુઓ વંદી૦ ૫રગ૦ ૩, ફ૦ ૧ થી ૬). પેહેલવી મીનોખેરદ કેતાબ § ૧૦ જાતની જમીનો ખુશાળ તરીકે જણાવે છે; ૧) અશો પુરૂષનું રેહેઠાણ-૨) આતશકદેહ-††-૩) પસુ-ઢોરોના તબેલા-૪) ખેડેલી જમીન-૫) જેમાંથી ખ્રફસતરોના દરો ઉખેડી કાઢવામાં આવ્યા હોય તે જમીન-૬) ક્રિયા કામની જગા†-૭) વસાવેલી જગા- ૮)જે જમીન કે જુદદીનોના હાથથી બેહેદીનોને ‡હસ્તગત ગઈહોય તે- ૯) અશો પુરૂષને બેટ મળેલી જગા-૧૦) તે જમીન કે જયાં પવિત્ર પાણી તથા ક્રિયા કામને લગતાં હથિયારો રાખવામાં આવ્યાં હોય.

---

* છેલી જણાવેલી બે જમીનો માટે મુગાત્રાઓને કદાચ હસવાનું કારણ આપે; પણ તેઓને જાણવાનું અગત્યનું છે કે ગાય ઢોરોના રેહે-ઠાણથી સ્પન્દારમત્ અમશાસપંદ તેમજ બહમન અમશાસપંદ ખુશ છે. ગાયઢોરોના છેડ તથા મુતરથી ખેતી સરસ થાય છે. આવી જગાએ દેવ દરૂજ, જાદુગરો, પરીદો વગેરેનો દોર ચાલી શકતો નથી. જમશેદ પાદશાહ માટે એવું કેહેવામાં આવે છે કે ગાયના મુતરનાં છાંટાઓથી તેનો દરદી પગ સારો થયો હતો, જયારથી મઝ્દયસ્નીઓ ગાવ મુત્રને નીરંગ તરીકે વાપડવા લાગા.

§ જુઓ મેક્ષમુલરનું વોલ્યુમ ૨૪, પાના ૨૭,૨૮.

†† અવ૦ [illegible]; પેહેલવી૦ [illegible].

† ક્રીયા કામ માટે યોજદાગ્રેગર પુરૂષને ચોકસ જાતની જગાએ બર-સનુમનું નહાન લેવું પડે છે, જે જગા પણ ખુશાળ કહી શકાય, જે જગા માટેનો અવસ્તાનો બોલ [illegible] છે. આ નહાન લેવાનું કામ કેટલું મુસ્કેલ છે તે બાબે જુઓ "અથોરનાંન, પેહલવાન, ખેડુત અને કારીગર"વાળો મારો આગલો રેસાલો પાનાં ૧૮,૧૯.

‡ અસલ એબારત "ભુંડાઓના હાથમાંથી ભલાઓના હાથમાં". જરથોસ્તીઓને લાજમ છે કે પોતાને હસ્તગતની જમીન જો વેચવી પડે તો બનતાં સુધી તેઓએ જરથોસ્તીઓનેજ વેચાતી આપવી.

કયા કયા શખ્સો જમીનને ખુશી* કરે છે તે બાબે વંદીદાદની ઉપલીજ પરગરદ એવું કહે છે કે, "પેહલો તે શખ્સ જમીનને ખુશી કરે છે કે જે દાટેલી લાસોને ખોદી કાઢે, બીજો તે છે કે જે કબરોને જમીનદોસ્ત કરે, ત્રીજો તે કે જે હેરેમનને લગતાં ખ્રફસતરોના ખાડાઓ સાફ કરી નાંખે, ચોથો તે કે જે ખેતી કરે, સુકી જમીનપર પાણી સીંપે અને ભીનાસથી તર જમીનને માફકસરની કરે, પાંચમો તે કે જે અશો પુરૂષને જમીન ભેટ આપે તથા અંધારા (ignorance)માંથી, સંકટમાંથી, ખરાબ જીંદગીમાંથી, મુસ્કેલીમાંથી બચાવે." (ફ૦ ૧૨, ૧૩, ૨૨ ૨૩, ૩૪).

મેં આગલ જણાવ્યું કે કેટલાક કારણોને લીધે જમીન

નાખુશ જમીન.

ખુશી રહે છે અને કેટલાક કારણોથી તે નાખુશ છે. જે કારણોથી તે ખુશી છે તેથી ઉલટાંજ કારણોથી તે નાખુશ હોવીજ જોઇએ. એ રીતે જોતાં જમીનને ખુશાળ રેહેવાના કારણો જાણ્યા પછી તેને નાખુશ કરનારા કારણો જાણવા સેહેલ છે. એ બાબે અશો જરથોશ્તથી પુછાયલા સવાલોના જવાબોમાં વંદીદાદની ઉપલીજ પરગરદ એવો ખુલાસો કરે છે કે "પેહલી તે જમીન નાખુશ છે કે જે 'અરેઝુર † પાહાડની સાંકડી જગા' (જે દોજખ) છે તે છે, જયાં દેવ દરૂજોનું રેહેઠાણ છે. બીજી તે કે જયાં લાસો દાટવામાં આવી હોય, ત્રીજી તે કે જેપર કબરો બાંધવામાં આવી હોય, ચોથી તે કે જયાં ખ્રફસતરોના ખાડાઓ હોય, પાંચમી તે કે જયાં કોઈ અશો પુરૂષના બાયડી છોકરાં કોઈ કઢંગા રસ્તાપર ભુલાં‡ પડયાં હોય અને જારી તથા રૂદન કરતાં હોય. (ફ૦ ૭ થી ૧૧).

---

* આગલ જણાવવામાં આવ્યું કે કેઇ કેઇ જમીનો ખુશાળ છે ([illegible]) જયારે કોણ કોણ ખુશી કરે છે તે માટેનો શબ્દ ([illegible]) છે.

† અવ૦ [illegible]; પેહેલવી [illegible]. 'અરેઝુર" અસલ એક દેવનું નામ છે, જે પરથી એનું નામ પડયું છે.

‡ અથવા "કોઇએ આડે રસ્તે ઉતાર્યાં હોય." પેહેલવી સરેહ પ્રમાણે "મુંવા પછવાડે રૂદન કરે."

દોજખ તો સર્વેને અકારૂં છેજ. બીજી, ત્રીજી તથા ચોથી જમીનને લગતું આગલ વિવેચન થયું છે. એમાં પાંચમી જમીનને નાખુશ થવાનું એક વધુ કારણ મળે છે, અને તે એ છે કે સ્ત્રીઓ તથા બચાં છોકરાંઓપર સ્પન્દારમત્ અમશાસપંદની માયા તથા મેહેરબાની વિશેષ છે, જેથી તેઓનાં રૂદનથી તેણી દલગીર છે.

પેહેલવી મીનોખેરદ કેતાબ * વળી ૧૦ જાતની નાખુશ જમીન જણાવે છેઃ— ૧) દોજખની જગા— ૨) તે જગા જયાં કોઈ અશો પુરૂષનું ખુન થયું હોય— ૩) તે જગા જયાં દેવ દરૂજો એકઠાં મળે— ૪) બુતપરસ્તીનું મકાન— ૫) દાટવાની જગા— ૬) પાપી માણસનું રેહેઠાણ— ૭) તે જગા જયાં ખરફસતરોના ખાડાઓ હોય— ૮) તે જગા જે બેહેદીનોને હસ્તગતથી જુદદીનોને હાથ ગઇ હોય†— ૯) વસ્તીવાળી જગા ઉજ્જડ થઇ હોય તે— ૧૦) તે જગા જયાં મુવેલાંઓ માટે રૂદન થતું હોય ‡. એમાં વધુ જાણવાજોગ એ છે કે જરથોસ્તીઓએ બુતપરસ્તીઓનાં મકાનોથી દુર રેહેવું ઘટે છે તથા તેવા મકાનોની ભેટ લેવાથી પહરેજ રેહેવું જોઈએ છે, તથા બીજું એ કે જરથોસ્તીઓએ પોતાને હસ્તગતની જગા બનતાં સુધી જુદદીનોને હાથ જવા ન દેવી જોઇએ, જે માટે મેં આગલા કહયું છે.

જમીનની ખેતી.

અથોરનાંન, પેહેલવાન, ખેડુત તથા કારીગર પરના મારા આગલા રેસાલાના પાના ૪૧,૪૨,૪૬,૪૭,૪૮, તથા ૪૯ માં મેં

* જુઓ મેક્ષમૂલરનું વોલ્યુમ ૨૪, પાનાં ૨૮-૨૯.

† આ માટે જુઓ આ રેસાલાના પાને ૫૪માં આપેલી નોંધ ૫ મી.

‡ મુવેલાંઓ પછવાડે રડવું કેટલું નુકસાનકારક છે તે જેઓએ અર્દાવીરાફ નામું વાંચ્યું હશે તેઓને માલમ હશે. એમાં દેખાઇતા ગેરફાયદાઓ તો એ છે કે એથી તનદરોસ્તી બગડે છે તથા મુવેલાંઓની ક્રિયામાં હરકત નડે છે.

ખેતીના બાબમાં થોડું ઘણું વિવેચન કીધું છે, જેનો સારાંશ આ પ્રમાણેનો છે કે અસલ પેહેલો ધંધો છેક આર્ય ટોળાના વખતથી ખેતીનો હતો, તે જમાનામાં સૌ કોઈ ખેતી કરી જાણતા, ખેતી ગુજરાનને માટેનું મુખ્ય સાધન હતું, ખેતી કીધાથી જમીન ખુશ* થાય છે તથા ખેડનારને દુવા દે છે તથા નહીં ખેડનાર-ને કદુવા † દે છે, અનાજની ખેતી કરનાર ગોયા આડકતરી રીતે મજદયસ્નની દીનનો વધારો ‡ કરે છે, જ્યારે અનાજની ખેતી કર-વામાં આવે છે ત્યારે દેવો ગભરાટમાં § પડે છે, વગેરે; એટલા માટે તે અત્રે પાછું રજુ કરવાની જરૂર નથી. આ રેસાલાના પાના ૫૩) તથા ૫૪)માં વળી મેં જણાવ્યું છે કે ખુશાળ જમીનો-માંની એક જમીન તે ખુશાળ છે કે જેને ખેડવામાં આવી હોય.

ઉત્તમ ખેતી. સર્વેથી ઉત્તમ ધંધો ખેતીનો હતો અને તે સેવટ સુધી રેહેવાનો, કારણ કે આપણું જીવવું ખોરાકથી છે અને ખેતી વગર ખોરાક ઉત્પન્ન થઈ શકતો નથી. અવસ્તા ખેતીના કામને

---

* જુઓ વંદીદાદ પરગ૦ ૩, ફકરા ૪, તથા ૨૩.

† જુઓ વંદીદાદ પરગ૦ ૩, ફકરા ૨૫ થી ૨૯.

‡ [illegible]

અર્થ.

"જે અનાજ વાવે છે, તે (ગોયા) અશોઈ વાવે છે; તે મજદયસ્નની દીનને વધારાથી વધારે છે; તે આ મજદયસ્નની દીનને સો ઘણી આબરૂથી, હજાર ઘણાં આદરમાનથી, અને દશ હજાર ઘણી યજસ્નેથી આબાદ કરે છે."—વંદી૦ પરગ૦ ૩ જી, ફ૦ ૩૦-૩૧.

§ જુઓ વંદીદાદ પરગ૦ ૩, ફકરો ૩૨.

સવાબનું કામ ગણે છે અને તેની સાહાદતમાં અહુરમજ્દને તથા જમીનને ખેતીથો ખુશી થતા ચીતારે છે. વંદીદાદની ત્રીજી પર-ગરદના ફકરા ૨૪) તથા ૨૫)માં અહુરમજ્દ અશો જરથોશતને આ પ્રમાણે કેહેતો જણાય છે કે "ખેડી શકાય એવી જમીન જો લાંબો વખત સુધી ખેડયા વગર પડત પડી રેહે તો, જેમ એક ભલી સ્ત્રી લાંબો વખત સુધી છોકરાં વગર પડી રેહે કે એક ભલો પુરૂષ લાંબો વખત સુધી બાયડી વગર રહયો હોય અને દલગીર થાય તેમ જમીન પણ દલગીર થાય છે. જો કોઈ શખસ પોતાની બાજુઓની મદદથી જમીનને ખેડે છે તો જેમ એક મોહોબતવંતા જોડાંથી ફરજંદની વૃધી થાય છે, તેમ જમીન તેના ખેડનારને ફળ આપે છે."

જમીનને લગતા ફિરેશતાઓ.

સ્પેન્દારમત્—જમીનપર મવકળ* અમશાસપંદ. જુઓ બાબત બીજીની શરૂઆત.

મિથ્ર—મેહેરમજ્દ. એ જમીનને ગરમી આપે છે તથા ફળ-દ્રુપ બનાવે છે.

રામખાસ્ત્ર—"મિથ્ર"નો હમશરીક ફિરેશ્તો, જે જમીનની ઉત્પતિને વધારે છે.



દખ્યુ—દેશપર મવકળ; તથા જન્તુ—ગામડાઓપર મવકળ.


---

* પાણી જમીન અને ઝાડપાન એ દરેકપર એકેકો મવકળ અમ-શાસપંદ મૂખ્ય ફિરેશ્તો જણાવવામાં આવે છે તે અંગ્રેજી શબ્દ Genius થી વધારે સેહેલથી સમજી શકાશે. બીજા યજ્દો તેના મદદગારો છે.

જમીનની ભૂગોળ તથા તવારીખ.

પૃથ્વી.

આજે આપણે શિખવા લાગ્યા કે પૃથ્વી ગોળ છે. સદી એકની વાતપર જેઓ ખગોળ વિદ્યાથી બેનસીબ રહયા હશે તેઓએ એ વાત માની ન હશે. તે વખત એમ માનવામાં આવતું હતું કે "પૃથ્વીને છેડો નથી". હિંદુ શાસ્ત્ર પૃથ્વીને અપાર, અનંતા એટલે "નહીં પાર થઇ શકે," "છેડા વગરની" એવા વિશેષણો લાગુ પાડે છે. જો પૃથ્વીની પ્રદક્ષણા કર્યાથી આસપાસ ને આસપાસ ફર્યા કર્યે તો ખરે તે "છેડા વગરની" કેહેવાય, પણ તે મતલબથી તેમ સમજવામાં આવતું ન હતું. અજબ જેવું છે કે જ્યારે હિન્દુ શાસ્ત્ર તેને અપાર, અનંતા તરીકે જણાવે છે ત્યારે તેજ જમાનાનું આપણું શાસ્ત્ર તેને "ગોળ" જણાવે છે. વંદીદાદની ૧૯મી પરગરદના ૪થા ફકરામાં પૃથ્વીને "ઓહોળી, ગોળ, તથા પાર કરવાને મૂશકેળ".  () એવી જણાવે છે. અવસ્તા જમાનામાં ત્યારે જણાયલું હતું ખરૂં કે પૃથ્વી "ગોળ" છે. *દીનકર્દમાં ઉપલા મતને ટેકો આપતા કહે છે કે



અર્થ.

"પૃથ્વી ગોળ હોવાને લીધે ખોરશેદની ગતિને હંમેશાં પૃથ્વીના અર્ધા ભાગની રોશક, ચલકાટ, અને તેજને સારૂં પ્રકાશતું છે."

ઉપલું પેહેલવી લખાણ વળી અર્થ ગોળાકારની જાણની વધુ સાબેતી આપે છે.

---

* જુઓ દસ્તુર પેશોતન બે૦ સંજાણાનું દીનકર્દનું પુસ્તક પેહેલું,-નાં૦ ૧૯મું, પાનું ૧૨મું.

હફત કેશવર.

અવસ્તા જમાનામાં આ દુનિયાના માત્ર સાતજ ભાગો જાહેર હોય એવું દીસે છે; તો જોકે બીજો અર્ધ ગોળાકાર (hemisphere) હોવો જોઇએ એવું તે જમાનાના વિદ્વાનો જાણતા હોવા જોઇએ એવું ઉપર જોયું તેમ દીનકર્દના લખાણ પરથી માલમ પડે છે. આ સાત ભાગો "હફ્ત કેશવર" (અવસ્તા० [illegible] [illegible] પેહેલવી० [illegible])ના નામથી જાહેર હતા, જેથી જયારે તમામ દુનિયા વિષે અવસ્તા ઇસારો કરે છે, ત્યારે કોઇ કોઇ જગા તેને "તમામ હફ્ત કેશવર* જમીન" તરીકે જણાવે છે; અને હજુ પણ તે તેમ કેહેવાય છે. અવસ્તા જમાના પછી બીજા અર્ધ ગોળાકારની હસ્તીની જાણ અંધકારમાં રહેલી જોવામાં આવે છે, જે અંધકાર કોલમબસે અમેરીકા ખંડ શોધી કાઢયો ત્યાં સુધી રહયો હતો. બૂનદેહેશના ૧૧માં પ્રકરણમાં કહે છે કે "જમીન ૩૩) જાતની છે. જયારે તેશતરે વરસાદ વર્સાવ્યો ત્યારે તમામ દુનિયા અર્ધી પાણીવાળી, અને અર્ધી જમીનવાળી થઇ. તે જમીનના ૭) ભાગો બન્યા. વંદીદાદની ૧૯ મી પરગરદના ૩૯ માં ફકરામાં તથા વીસપરદના ૧૦ માં કરદાના પેહેલા ફકરામાં આ સાત ભાગોને તેઓના નામો સાથ યાદ કરવામાં આવ્યા છે, જે નીચે પ્રમાણે છે:—

૧) અરેજહી—અ० [illegible] પે० "અરજહ"—પશ્ચિમ દિશા તરફનો ખંડ.

૨) સવહી—અ० [illegible] પે० "સવહ"—પૂર્વ દિશા તરફનો.

---

* જયારે વિસ્તારની બાબતમાં ઇસારો કરવામાં આવતો ત્યારે "જેમ, ફ્રથંધ્રહ" એટલે "જમીનની પોહોળાઈ જેટલું" એવું ઉચ્ચારણ કરવામાં આવતું. (યજશને હા० ૬૦, ફ० ૪).

૩) ફ્રદધફ્શુ—અ૦ [illegible] પે૦ "ફ્રદદફ્શ"-નૈરૃત ખુનાં તરફનો.

૪) વીદ ધફ્શુ—અ૦ [illegible] પે૦ "વીદદફ્શ" અગ્નિ ખુનાં તરફનો.

૫) વોઉરૂ-બરેશ્તિ—અ૦ [illegible] પે૦ "વોરૂ-બર્શ્ત"-વાવ્ય ખુનાં તરફનો.

૬) વોઉરૂ-જરેશ્તિ—અ૦ [illegible] પે૦ "વોરૂ જર્શ્ત," ઇશાન ખુનાં તરફનો.

૭) ખનિરથ-બામિ*—અ૦ [illegible] પે૦ "ખનિરસ," ઉપલા છ ભાગોની વચ્ચેનો.

આ સાત ભાગોમાં "ખનિરથ–બામી" મોટામાં મોટો તથા તવારીખમાં મુખ્ય ભાગ બજાવનાર હતો, કારણ કે તેમાં ઇરાન દેશ આવેલો હતો.

શેહેરો તથા કસબાઓ.

શેહેરો (અવસ્તા [illegible] "ષોઇથ્ર," પેહેલવી [illegible] "શત્રો") માટે વંદીદાદની આખી પેહેલી પરગરદ રોકવામાં આવી છે, જેમાં જણાવે છે કે દાદાર અહુરમજ઼્દે પેહેલું, બીજું, ત્રીજું, એવા સોલ શેહેરો (કે કસબાઓ) એક પછી એક તેઓની અગત્યતા પ્રમાણે વસાવ્યાં, તે માત્ર જેમ જેમ આ શેહેરો હસ્તીમાં આવ્યાં તેઓ માટેનો ઈસારો છે. નીચે પ્રમાણે જણાવેલાં શેહેરો અથવા જગાઓ તેઓની પદવી પ્રમાણેજ મેં જણાવ્યાં છે, જેમાં "ઇરાનવેજ" મુખ્ય ભાગ બજાવે છે, જે આગલા જ઼માનામાં ઇરાન દેશમાં મૂખ્ય મથક ગણાતું હતું.

---

* "બામિ" અથવા "બામ્ય" માત્ર વિશેષણ છે જેનો અર્થ "ચલકતુ" થાય છે. (જુઓ વંદી૦ પરગ૦ ૧૯. ફ૦ ૩૯ તથા મેહેર યશ્ત ફ૦ ૬૭.)

* ઇરાનવેજ—અવસ્તા [illegible] † "અઇ-યેનવઐજ," એરીઅન લોકોનું પેહેલું મથક ગણાતું, જે માટે અહુરમજ્દે અશો જરથોશ્તને કહયું કે "જગાઓમાંનું તથા શેહેરોમાનું સૌથી સરસ (શેહેર) વેહેદાઈતી નદી આગલનું હું અહુરમજ્દે "ઇરાનવેજ" પેદા કીધું" (ફ૦ ૩).

જગાઓ તથા શેહેરોમાંનો બીજી સૌથી સરસ જગા જે અહુરમજ્દે બનાવી તે ગવ (પ્રગણું) હતું જેની રાજધાની 'સુઘ્ધ્' હતી; ત્રીજું, બાધુર તથા અશો લોકોથી વસાયલું મોઉરૂ હતું; ચોથું, સારા દેખાવવાળું તથા ઉંચા વાવટાવાળું બાખ્ધી; પાંચમું, નીસય જે 'મોઉરૂ' તથા 'બાખ્ધી'ની વચે હતું; છઠું, પુષ્કળ પાણીવાળું હરોયુ; સાતમું, વએકેરેત જેનું પાયતખ્ત 'દુજ઼ક' હતું; આઠમું, પુર ખેતીવાળું ઉર્વા; નવમું, ખનેન્ત, જેનું મુખ્ય શેહેર 'વેહેરકાન' હતું; દશમું, સારા દેખાવનું હરખઇતી; અગ્યારમું પૈસાથી પૂર તથા દબદબાવાળા દેખાવનું હેતુમંત્; બારમું, ત્રણ ધંધાદારીઓવાળું રઘા; તેરમું, બાધુર તથા અશો લોકોથી વસાયલું ચખ્ર; ચૌદમું, ચાર દરવાજાવાળું વરેન હતું, જ્યાં જુહાકને મારનાર ફરેદુનનો જન્મ થયો હતો; પંદરમું, હપ્તહિંદુ જે પૂર્વથી પશ્ચિમ હિંદુસ્થાનનો ભાગ; સોળમું, 'રંઘ્હા' નદી માહેલાં કોઇ ટાપુઓ હતાં, જ્યા પ્રજાસત્તાક રાજ્ય ચાલતું હતું. ‡

---

* ઓક્સસ (Oxus) અને જેગજાર્તીસ (Xexartes) નદીએ વચે બલુરતાગ પાહડની ઉત્તર પશ્ચિમે (N.W.) તથા પામીરના પાહાડોની ઉત્તરે વેહેદાઇતી નદી આગલ આવેલું શેહેર તરીકે ઓળખવામાં આવે છે, જે તે વખતે તમામ હફતકેશવરમાં પેહેલી પદવી ધરાવનાર (જેમકે હાલમાં "લનડન" શેહેર ગણાય છે તેમ) હતું.

† "અર્ય" સં० आर्य–"ભલું" પરથી "ભલા લોક." Cf લાટીના "Aro" સ० ऋ "ખેડવું" (જુઓ મારો આગલો રેસાલો–પાનાં ૪૨ તથા ૬૩).

‡ ઉપલી વિગતો વંદીદાદની પેહેલી પરગરદના ૫) થી ૨૦) સુધીના ફકરાઓ પ્રમાણે છે. ઉપલી જગાઓને લગતી વધુ જાણવાજોગ વિગતો નીચે જણાવ્યા પ્રમાણે છેઃ—

૨) બી જગા કે પ્રગણું—હાલમાં 'સમરકંદ' તથા 'બોખારા' શેહેરો જ્યાં આવ્યાંછે તે તરફની આ જગા છે. ૩) જું—હાલનું 'મર્વ'; યુનાનીઓનું 'માર્જયાના'; ખોરાસાનમાં આવેલું ધારવામાં આવે છે. ૪) થું—હાલનું 'બલ્ખ'; એને 'બેકત્રીયા' તરીકે ઓળખી શકાય.

પાહાડો. *

"ગરયો" [illegible]; પે૦ "ગરીહા" [illegible]).

જેમ વંદીદાદની પેહેલી પરગરદમાં ૧ થી ૧૬ સુધીના

મું—તખ્તી પ્રમાણે 'નીસાય'; યુનાની 'નીશાપુર'; પ્રોફેસરો યુસ્તી હાર્લેના મત પ્રમાણે મુરગાબ નદીની ખીણ પાસેની જગા; 'પાર્થ્યા' ની ધાની હોય. ૬) હું—'ખોરાસાન' ની દક્ષિણે, ધાર્વા મેલે હાલનુ ત'. ૭) મું—હાલનું 'કાબુલ' (પેહેલવી સરેહ, તથા પ્રો૦ હાર્લે તથા ારટેટે). ૮ મું—તખ્તી પ્રમાણે 'ઉર્વાજમીશ'; યુનાની 'ખોરાસમ્યા' ડોકટર ગાઇગરના નકશામાં આ જગા હાલના 'ગઝની' શેહેર આગલ બતાવી છે; ડોકટર હાર્લે એને 'ખોરાસાન' ની દક્ષિણે આવેલું ધારેછે; કટર હાઉગ એને 'કાબુલ' ધારેછે; દસતુર અસપંદીયારના મત મુજબ ' તથા પ્રો૦ ડાર્મેસ્ટેટેના મત મુજબ 'ઈશફહાન' ની નજદીકની જગા. —હાલનું 'ગોરગાન' અથવા 'જયોર્જાન'; પ્રોફેસર હાર્લેના મત . 'માઝંદરાન'. ૧૦) મું—તખ્તી પ્રમાણે 'હઉરવતીશ'; યુનાની 'આરાકોસ્યા'; ડાકટર ગાઈગરના નકશામાં 'કંદહાર'ની દક્ષિણે. ૧૧) મું—તખ્તીપ્રમાણે 'હીલમંદ,' હાલનું 'હીલમંદ'; Hamun Seaની બાજુમાં. ૧૨) મું—અથવા 'રએ'; 'તેહેરાન'ની દક્ષિણે; તખ્તી પ્રમાણે 'હીરીવ'; યુનાની 'મીદીઆ'; મો૦ એંટી૦ દૂ પેરૉને એને 'આજરબઇજાન' માં આવેલું જણાવ્યું છે. ૧૪) મું—ફરેદુન પાદશાહની જન્મભૂમિ. ૧૫) મું—સં૦ सप्तसिन्धवस; હાલનું 'પંજાબ'.

* પાહાડો વિષે બૂનદેહેશ કેતાબનાં ૮ માં પ્રકરણના ૧ લા ફકરામાં કહેછે કે "હેરેમન જ્યારે આ દુનિયાની શરૂઆતમાં આ દુનિયાનો નાશ કરવાની મતલબથી ઘુસ્યો, ત્યારે આ ધર્તી ધુજી અને તેમાંથી પાહાડો ફુટી નિકળ્યા. બૂનદેહેશની એમ કેહેવાની મતલબ શું હશે તે સમજી શકાતી નથી, તો જોકે તેમાંથી કંઇ પણ સાર નિકલવો જોઇએ એવું આપણે વારેઘડીયે જોઈયે છિયે. હિંદુશાસ્ત્ર પાહાડોને ધર્તી માતાની છાતીઓ તરીકે લેખે છે, તેમાં તેનાં ઉઠાવની તથા માવતરની છાતીઓમાંથી વેહેતાં દુધની મિસાલ, પાહાડોમાંથી વેહેતાં નિર્મલ પોષણ આપનારા પાણીઓ બાબેનો ઇસારો હોય એવું જણાયછે, કારણ કે અવસતામાં (યજ૦ હા૦ ૧, ફ૦ ૧૪ માં) [illegible] એટલે "પુરતાં સુખવાળાઓમાંના", "ઘણા સુખવાળાઓમાંના" એવા શબ્દો મળેછે, જેઓ આ છેલી મતલબને મળતાં આવેછે.

શેહેરો યા કસબાઓનાં નામો તેઓની અગત્યતા પ્રમા
છે, તેમ જમીયાદ યશતમાં પાહાડો વિશેનું વર્ણન મળે છે,
તેઓની પદવી પ્રમાણે નીચે મુજબ છેઃ—

૧) લો, અબલુર્જ—અવ૦ "હર બેરેજઇતિ" અ
"હરઇતિ બેરેજ," પે૦ [illegible]—મ૦ એને માટે અ
જે એવું કહે છે કે તે દુનિયાની આસપાસ ફરી વ
હતો તે ઇરાન દેશ માટેનો ઇસારો છે, કારણ કે
વળી 'વોઉરૂકષ' દરિયાના પૂર્વ તરફના સઘલા કિનારાએ
હરોળમાં લંબાયલો જણાવવામાં આવ્યો છે. જમીયાદ યશ્તન
શરૂઆતમાં કહે છે કે તે પેહેલો પાહાડ હતો. આ પાહાડપ
યજદોનું રેહેઠાણ છે તથા ખોરશેદનું ઉગવું અહીંથી શરૂ થ
છે. આ પાહાડની ઉંચામાં ઉંચી ટોંચ "તએર"
હજુ સુધી "અલબુર્જ" પાહાડે પોતાનું નામ જાલવી રાખ

૨) જો જરેધો—"અરેધોમનુશ" પાહાડની પછવાડ
આવેલો હતો. એ પણ 'વોઉરૂકષ' દરિયાના પૂર્વ તરફના કિના-
રાઓની હરોળમાં લંબાયલો હતો. બૂનદેહેશમાં કહે છે કે
"જરેધો" અને "મનુશ" બન્ને એક હોવા જોઈએ.

૩) જો ઉષિદરેન—અવ૦ 'ઉષિદરેન;' પે૦ 'હોશદાસ્તાર;'
એ બન્નેનો અર્થ "હોશિઆરી રાખનાર" એવો થાય છે. એને
એમ કહેવાનું કારણ એ છે કે આ પાહાડપર અશો જરથોશ્તનાં
રૂહ સાથ અહુરમજદને ગૂફતેગૂ થઇ હતી. યજશનેના ૧લા હામાં
એને યાદ કરવામાં આવ્યો છે.

૪) થો એરેજીફ્ય * —૫) મો ફ્રઓરેપ —૬) ઠો

---

* આ પાહાડપર કએકાઉશ પાદશાહે અર્દવિસૂરની યજશ્ને
કીધી હતી. યુરોપીઅન વિદ્વાનો એને Seriphi montes in Ptole-
maeus ધારે છે. એનો અર્થ 'સફેદ પાહાડ' થઈ શકે છે તે તેનાપર
પડતા બરફને લીધે હશે. સંસ્કૃતમાં ऋजिप्य શબ્દ મળે છે તેનો અર્થ
પણ 'સફેદ' એવો થાય છે.